# પ્રકરણ : ૭ નામકર્મ

## ભાગ-૧




**પ્રકરણની રૂપરેખા**

| | |
|---|---|
| ✪ પ્રાસ્તાવિક | ૪. સંઘાત |
| ● નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ભેદ | ૫. બંધન |
| ૧. ગતિ | ૬. અંગોપાંગ |
| ૨. જાતિ | ૭. સંસ્થાન |
| ૩. શરીર | ૮. સંહનન |
| ૩.૧. ઔદારિક શરીર | ૯. વર્ણ |
| ૩.૨. વૈક્રિયિક શરીર | ૧૦. ગંધ |
| ૩.૩. આહારક શરીર | ૧૧. રસ |
| ૩.૪. તૈજસ શરીર | ૧૨. સ્પર્શ |
| ૩.૫. કાર્માણ શરીર | ૧૩. આનુપૂર્વી |
| | ૧૪. વિહાયોગતિ |
| | ✪ ઉપસંહાર |

(હરિગીત)

**નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને**
**અભિભૂત કરી તિર્યંચ, દેવ મનુષ્ય વા નારક કરે.**
**તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;**
**નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને.**

**ભાવાર્થઃ** 'નામ' સંજ્ઞાવાળું કર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને તે જીવને મનુષ્ય-નારક-દેવ-તિર્યંચ જેવી ચાર ગતિ આદિરૂપે કરે છે. તેથી મનુષ્ય-નારક-દેવ-તિર્યંચ જેવી ચાર ગતિ આદિ ખરેખર નામકર્મથી નિષ્પન્ન છે. અજ્ઞાની જીવ નામકર્મને વશ થઈને સંસારરૂપે પરિણમતો હોવાથી તેને પોતાના સ્વભાવની ઉપલબ્ધિ થતી નથી.

(પ્રવચનસાર :ગાથા ૧૧૭, ૧૧૮)

નામકર્મ વડે જીવ પોતાના સ્વભાવનો પરાભવ પામીને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી અને તેથી વિભાવની ઉત્પત્તિને કારણે પોતાનો સંસાર ઊભો કરે છે. આત્માનો સ્વભાવ વિજ્ઞાનઘન, શાંત નિર્મળ અને આનંદમય છે, તે અતીન્દ્રિય હોવાથી સૂક્ષ્મ છે. નામકર્મના ઉદયના કારણે આ સ્વભાવ પરાભવ પામીને ઇન્દ્રિય ગોચર હોય તેવો સ્થૂળ શરીરાદિપણે થાય છે. નામકર્મનો અભાવ થતાં આ શરીરાદિનો અને સ્થૂળત્વનો અભાવ થાય છે અને તેથી આત્માનો સૂક્ષ્મત્વ નામનો પ્રતિજીવી ગુણ પ્રગટે છે. સંસારી જીવના નામકર્મનું એવું સ્વરૂપ આ નીચે આપેલા દિપકની જ્યોતિના દૃષ્ટાંતના આધારે સમજી શકાય છે.

**દૃષ્ટાંત :** દીપકની જ્યોતિ ઘીના સ્વભાવનો પરાભવ કરીને તેની પાસે દીપકનું કામ કરાવે છે. ઘી પોતાના સ્વભાવથી ઘણું શીતળ, શુદ્ધ અને આહ્લાદકારી હોય છે. તે એવું થીણું હોય છે કે તેમાં તાવેથો પણ પ્રવેશી શકે નહિ. તે એવું શીતળ છે કે દાઝ્યા ઉપર લગાડવાથી બળતરા મટાડી શાંતિ આપે છે. તે એવું શુદ્ધ છે કે તેમાં એક અંશ માત્ર પણ અન્ય અશુદ્ધતા હોતી નથી. તે એવું આહ્લાદકારી છે કે અમૃતનો કહેવાતો આહ્લાદ પણ તેની પાસે ફીકકો લાગે. પરંતુ આ ઘી જ્યોતિના સંગે પોતાના આવા સ્વભાવનો પરાભવ પામીને પોતાના ઘીના સ્વભાવને બદલે જ્યોતિના સ્વભાવે પરિણમી દીપકનું કામ કરે છે. આ કારણે તે ઘી થીણાને બદલે પ્રવાહી, શીતળને બદલે ઉષ્ણ, શુદ્ધને બદલે અશુદ્ધ અને આહ્લાદકારીને બદલે અનાહ્લાદકારી થાય છે. આ ઘીના સ્વભાવનો પરાભવ થઈને સ્વભાવની ઉપલબ્ધિ ન થવામાં જ્યોતિનો કોઈ દોષ નથી. પણ ઘીનો પોતાનો જ દોષ છે કે તે જ્યોતિને વશ થાય છે. જો ઘી પોતે જ્યોતિને વશ ન થાય તો પોતે પોતાના સ્વભાવરૂપે જ પરિણમે છે.



દીપકની જ્યોતિના દૃષ્ટાંતે નામકર્મનું સ્વરૂપ દર્શાવતું ચિત્ર

દૃષ્ટાંતના દીપકની જ્યોતિના સ્થાને સંસારી જીવનો નામકર્મનો ઉદય, ઘીના સ્થાને જીવનો સ્વભાવ અને દીપકના સ્થાને મનુષ્યાદિ સાંસારિક પર્યાય સમજી અહીં સિદ્ધાંત દર્શાવવામાં આવે છે.

**સિદ્ધાંત :** સંસારી જીવનો નામકર્મનો ઉદય જીવના સ્વભાવનો પરાભવ કરીને તેની પાસે મનુષ્યાદિ સાંસારિક પર્યાયોના કામ કરાવે છે. જીવ પોતાના સ્વભાવથી વિજ્ઞાનઘન, શાંત, નિર્મળ અને આનંદમય છે. તે એવો વિજ્ઞાનઘન છે કે તેમાં જરાય અજ્ઞાનનો પ્રવેશ નથી. તે એવો શાંત છે કે તેના આશ્રયથી ગમે તેવો

અશાંત પણ શાંતિ પામે છે. તે એવો નિર્મળ છે કે તેમાં અંશ માત્ર પણ રાગાદિ મલિનતા હોતી નથી. તે એવો આનંદમય છે કે ચક્રવર્તીની સાહ્યબી પણ તેની પાસે તૂચ્છ ભાસે. પરંતુ આ જીવ નામકર્મનાં ઉદયના સંગે પોતાના આવા સ્વભાવનો પરાભવ પામીને પોતે પોતાના જીવના સ્વભાવને બદલે નામકર્મનાં ઉદયના સ્વભાવે પરિણમી મનુષ્ય-નારક-દેવ-તિર્યંચનું કામ કરે છે. આ કારણે તે જીવ વિજ્ઞાનઘનને બદલે અજ્ઞાન, શાંતને બદલે અશાંત, નિર્મળને બદલે મલિન અને આનંદમયને બદલે દુ:ખમય થાય છે. આ જીવના સ્વભાવનો પરાભવ થઇ તે સ્વભાવની ઉપલબ્ધિ ન થવામાં નામકર્મના ઉદયનો કોઇ દોષ નથી. પણ જીવનો પોતાનો જ દોષ છે કે તે નામકર્મના ઉદયને વશ થાય છે. જો જીવ નામકર્મના ઉદયને વશ ન થાય તો તે પોતાના સ્વભાવરૂપે પરિણમે છે.



ચિત્રકાર જેવું નામ કર્મનું કાર્ય દર્શાવતું ચિત્ર

નામકર્મના ઉદયને વશ પરાભવ પામીને જીવ અનેકરૂપે સંસારની અવસ્થાઓ રૂપ પરિણમે છે અને તેથી નામકર્મની અપેક્ષાએ સંસારી જીવોના અનેક ભેદ હોય છે. તે અહીં દર્શાવીએ છીએ.

## નામકર્મની અપેક્ષાએ સંસારી જીવોના ભેદ

नमयत्यात्मानं नम्यतेऽनेनेति वा नाम । नाम्नो नरकादिनामकरणम् ।

**અર્થ :** જે આત્માને નમાવે છે એટલે કે પરાભવ કરે છે. અથવા જેના દ્વારા આત્મા નમે છે એટલે કે પરાભવ પામે છે તે નામકર્મ છે. નામકર્મના કારણે સંસારી જીવના નરકાદિ નામકરણ હોય છે.

(સર્વાર્થસિદ્ધિ : ૮/૪/૩૮૧/૧ અને ૮/૩/૩૭૯/૨)

અજ્ઞાની જીવ પોતાના મોહના કારણે નામકર્મ દ્વારા પ્રાપ્ત શરીરાદિ સંયોગી બાબતોને વશ થાય છે અને તેથી પોતાના અસંયોગી શુદ્ધ સ્વભાવનો પરાભવ પામે છે. તેથી પોતાના જ્ઞાનાદિ શુદ્ધ સ્વભાવને છોડીને તે શરીરાદિ અશુદ્ધ પરભાવપણે પોતાને સ્વીકારે છે. નામકર્મનાં કારણે આ અશુદ્ધ પરભાવોનું મનુષ્યાદિ ગતિ, પંચેન્દ્રિયાદિ જાતિ, ઔદારિકાદિ શરીર વગેરે જેવું નામકરણ પણ હોય છે. નામકર્મનું કાર્ય એક ચિત્રકાર જેવું છે. તે આ રીતે-

જેમ ચિત્રકાર ડ્રોઇંગ પેપર ઉપર ચિત્ર દોરે છે અને તેમાં તે ચિત્રનાં જુદા જુદા અનેક ભાગોના આકાર ચિતરી તે દરેકનું નામ નિર્દેશન પણ કરે છે. તેમ નામકર્મ જીવ ઉપર શરીર રચે છે અને તે શરીર સંબંધી જુદી જુદી અનેક બાબતોના રૂપ ઘડી તે દરેકનું નામનિર્દેશન પણ કરે છે.

નામકર્મની વિવિધતાના કારણે વિશ્વમાં કોઇ સંસારી જીવ એકબીજા સાથે મળતો આવતો નથી. તેથી જેટલા સંસારી જીવોના ભેદ છે તેટલાં જ નામકર્મની પ્રકૃતિના ભેદ છે. આ ભેદ અસંખ્યાત છે તોપણ તે મુખ્યત્વે ૯૩ પ્રકારના ભેદમાં સમાય છે. નામકર્મની પ્રકૃતિના ૯૩ ભેદ અને તેના આધારે સંસારી જીવના કુલ ૯૪ ભેદ નીચેના કોષ્ટક મુજબ છે.

| ક્રમ | નામકર્મની પ્રકૃત્તિનું નામ | ભેદની સંખ્યા | સંસારી જીવના ભેદ |
|---|---|---|---|
| | પિંડ પ્રકૃતિઓ | | |
| ૧. | ગતિ | ૪ | ૪ |
| ૨. | જાતિ | ૫ | ૫ |
| ૩. | શરીર | ૫ | ૪ |
| ૪. | સંઘાત | ૫ | ૪ |
| ૫. | બંધન | ૫ | ૪ |
| ૬. | અંગોપાંગ | ૩ | ૩ |
| ૭. | સંસ્થાન | ૬ | ૬ |
| ૮. | સંહનન | ૬ | ૬ |
| ૯. | વર્ણ | ૫ | ૫ |
| ૧૦. | ગંધ | ૨ | ૨ |
| ૧૧. | રસ | ૫ | ૫ |
| ૧૨. | સ્પર્શ | ૮ | ૧૬ |
| ૧૩. | આનુપૂર્વી | ૪ | ૪ |
| ૧૪. | વિહાયોગતિ | ૨ | ૨ |
| | કુલ | ૬૫ | ૭૦ |

| | | | |
|---|---|---|---|
| | **પ્રત્યેક પ્રકૃતિ યુગલ ન હોય તેવી** | | |
| ૧૫. | નિર્માણ | ૧ | ૦ |
| ૧૬. | અગુરુલઘુ | ૧ | ૦ |
| ૧૭. | ઉચ્છ્વાસ | ૧ | ૦ |
| ૧૮. | તીર્થંકર | ૧ | ૦ |
| | કુલ | ૪ | ૦ |
| | **પ્રત્યેક પ્રકૃતિ યુગલ હોય તેવી** | | |
| ૧૯. | ત્રસ અને સ્થાવર | ૨ | ૨ |
| ૨૦. | સૂક્ષ્મ અને બાદર | ૨ | ૨ |
| ૨૧. | પર્યાપ્ત અને અપાર્યાપ્ત | ૨ | ૨ |
| ૨૨. | પ્રત્યેક અને સાધારણ | ૨ | ૨ |
| ૨૩. | સ્થિર અને અસ્થિર | ૨ | ૨ |
| ૨૪. | શુભ અને અશુભ | ૨ | ૨ |
| ૨૫. | સુસ્વર અને દુઃસ્વર | ૨ | ૨ |
| ૨૬. | શુભગ અને દુર્ભગ | ૨ | ૨ |
| ૨૭. | આદેય અને અનાદેય | ૨ | ૨ |
| ૨૮. | યશ અને અપયશ | ૨ | ૨ |
| ૨૯. | આતાપ અને ઉદ્યોત | ૨ | ૨ |
| ૩૦. | ઉપઘાત અને પરઘાત | ૨ | ૨ |
| | કુલ | ૨૪ | ૨૪ |
| | **સમગ્ર કુલ** | **૯૩** | **૯૪** |

નામકર્મની ૯૩ પ્રકૃતિઓમાંથી ૬૫ પ્રકૃતિઓ પિંડ પ્રકૃતિઓ અને બાકીની ૨૮ પ્રકૃતિઓ પ્રત્યેક પ્રકૃતિઓ છે. ૬૫ પિંડ પ્રકૃતિઓ ૧૪ પ્રકારના પિંડમાં વહેંચાયેલી છે. અને ૨૮ પ્રત્યેક પ્રકૃતિમાંથી ૪ પ્રત્યેક પ્રકૃતિ યુગલ ન હોય તેવી પ્રત્યેક પ્રકૃતિ અને બાકીની ૨૪ પ્રત્યેક પ્રકૃતિ યુગલ હોય તેવી છે. યુગલ હોય તેવી ૨૪ પ્રકૃતિઓના ૧૨ યુગલ છે. નામકર્મની ૯૩ પ્રકૃતિઓ આ રીતે ૧૪ પ્રકારનાં પિંડ, ૪ પ્રકારના યુગલ ન હોય તેવી પ્રત્યેક અને ૧૨ પ્રકારના યુગલ હોય તેવી પ્રત્યેક મળીને કુલ ૧૪+૪+૧૨ = ૩૦ પ્રકારની છે. આ ૩૦ પ્રકારની નામકર્મની પ્રકૃતિઓ તેની અંદર સમાવેશ પામતી પેટા પ્રકૃતિઓ સહિત ૯૩ પ્રકારની છે. આ ૯૩ પ્રકૃતિઓના આધારે થતાં સંસારી જીવના પ્રકાર ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ કુલ ૯૪ પ્રકારના છે.

કોઇ એક જૂથ કે સમૂહરૂપ પ્રકૃતિઓને પિંડ પ્રકૃતિઓ કહે છે. નામકર્મની પિંડ પ્રકૃતિઓ ૧૪ પ્રકારની છે. તેમાં ૬૫ પ્રકારની પ્રકૃતિઓનો સમાવેશ છે. આ ચૌદ પ્રકારની પિંડ પ્રકૃતિઓના આધારે સંસારી જીવના ૧૪ પ્રકારે કુલ ૭૦ પ્રકારના ભેદ પડે છે. આ ભેદ મુખ્યત્વે શરીરના આધારે હોય છે. ચાર પ્રકારની યુગલ ન હોય તેવી પ્રત્યેક પ્રકૃતિઓ સંસારી જીવના શરીર સંબંધી વિશેષતા દર્શાવનારી હોય છે. તેથી આ પ્રકૃત્તિઓના આધારે સંસારીજીવના કોઈ ભેદ નથી. ૧૨ પ્રકારની યુગલ પ્રકૃતિઓના આધારે સંસારી જીવના ૧૨ પ્રકારે પરસ્પર વિરોધી હોય એવા કુલ ૨૪ પ્રકારના ભેદ હોય છે. આ દરેકનું સંક્ષિપ્ત સ્વરૂપ અને તેનું કાર્ય સમજાવવામાં આવશે.

આ પ્રકરણમાં નામકર્મની ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિઓનું સ્વરૂપ નીચે મુજબ સમજાવવામાં આવે છે.

## ૧. ગતિ



**ગતિ નામકર્મનાં ઉદયના કારણે જુદા જુદા પ્રકારના શરીરમાં રહી એક શરીરમાંથી બીજા શરીરમાં ભ્રમણ કરવાની સંસારી જીવની અવસ્થા વિશેષને ગતિ કહે છે.**

આ ગતિ ચાર પ્રકારની છે– ૧. મનુષ્ય, ૨. નારક, ૩. દેવ અને ૪. તિર્યંચ.

ગતિ એ ગમન કે ભ્રમણરૂપ જીવની અવસ્થા છે. આ ગમન કે ભ્રમણ એ એક ભવમાંથી બીજા ભવમાં થતું જીવનું ભવાંતર છે. જીવ પોતાના આયુષ્ય જેટલો સમય એક શરીરમાં રહે છે. તે સમય ગાળાને એક ભવ કહે છે. આ ભવ ચાર પ્રકારના છે– ૧. મનુષ્ય ૨. નારક ૩. દેવ અને ૪. તિર્યંચ. આ ચાર પ્રકારના ભવમાં જ જીવનું ભ્રમણ થતું હોવાથી તે જ ચાર પ્રકારની ગતિ છે. આ ચાર પ્રકારની ગતિ એ પૌદ્ગલિક ગતિનામકર્મનાં ઉદયનું ફળ છે. સંસારી જીવ આ ચાર પ્રકારની ગતિ પૈકી કોઇ ને કોઇ પ્રકારની ગતિમાં હોય છે. તેથી ગતિનામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ચાર ભેદ આ ચાર ગતિના છે. જે ૧. મનુષ્ય ગતિ, ૨. નારક ગતિ, ૩. દેવ ગતિ અને ૪. તિર્યંચ ગતિ છે. આ ચાર ગતિનું સ્વરૂપ પ્રકરણ : ૪ માં આવી ગયું હોવાથી અહીં ફરી આપવામાં આવતું નથી.

## ૨. જાતિ

જાતિનામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવોમાં જોવા મળતી અવિરોધ એકરૂપતાને જાતિ કહે છે.




આ જાતિ પાંચ પ્રકારની છે– ૧. એકેન્દ્રિય ૨. દ્વીન્દ્રિય ૩. ત્રીન્દ્રિય ૪. ચતુરિન્દ્રિય અને ૫. પંચેન્દ્રિય.

નિગોદ અને સ્થાવરનાં એકન્દ્રિય જીવને એક માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. શંખ, છીપ, અળસિયા જેવા દ્વીન્દ્રિય જીવને તે ઉપરાંત રસનેન્દ્રિય પણ હોય છે. કીડી, મંકોડા જેવા ત્રિન્દ્રિય જીવને તે ઉપરાંત ઘ્રાણેન્દ્રિય એટલે કે ગંધ પારખવાની શક્તિ પણ હોય છે. માખી, મચ્છર જેવા ચતુરિન્દ્રિય જીવને ચક્ષુરિન્દ્રિય એટલે કે જોવાની શક્તિ પણ હોય છે. પંચેન્દ્રિય પ્રાણીને શ્રોત્રેન્દ્રિય એટલે કે સાંભળવાની શક્તિ પણ હોય છે. તેથી મનુષ્ય જેવા પંચેન્દ્રિય જીવને ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઈન્દ્રિયો હોય છે.

દ્રવ્યદષ્ટિએ શુદ્ધ ચૈતન્ય ધાતુ એ જ આત્માની એક માત્ર જાતિ છે. તેથી દ્રવ્યદષ્ટિએ બધા આત્માઓ એક સમાન જ છે. પણ પર્યાયદષ્ટિએ આ જીવો સંસારી અને સિદ્ધ એમ બે પ્રકારના છે. અહીં સંસારી જીવનું પ્રકરણ છે. આ સંસારી જીવોમાં અનેક પ્રકારની વિવિધતાઓ છે. તોપણ આ સંસારી જીવોમાં અમુક અપેક્ષાએ અમુક સમાનતા જોવા મળે છે. તે જાતિ નામકર્મનું કાર્ય છે.

**પ્રશ્ન : સંસારી જીવોની સમાનતા માટે જાતિ નામકર્મની શી જરૂર છે ?**


**ઉત્તર :** સંસારી જીવોમાં જે સમાનતા જોવા મળે છે તે સમાનતાના કારણભૂત કોઇ કર્મનો ઉદય અવશ્ય હોય છે. જાતિનામકર્મના કારણે જીવની પાંચ પ્રકારની ઇન્દ્રિયો પ્રમાણે પાંચ પ્રકારની જાતિ હોય છે. આ પાંચેય પ્રકારની જાતિમાં અમુક અપેક્ષાએ સમાનતા હોય છે અને તે જાતિ નામકર્મનું કાર્ય છે. જો જાતિનામકર્મ ન હોય તો પંચેન્દ્રિય જીવ માખી, વાંદા કે કરોળિયો જેવો પણ હોય અને ચતુરિન્દ્રિય જીવ મનુષ્ય, નારકી કે દેવ જેવો પણ હોય. પણ આવું હોતું નથી. સંસાર જીવની જાતિ ન હોય તો બધા સંસારી જીવો સમાન થઇ જાય. પણ બધા સંસારી જીવો એક સમાન હોતા નથી. તેથી સંસારી જીવોની સમાનતા માટે જાતિ નામકર્મની જરૂર હોય છે.

જાતિ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવોમાં જે સમાનતા જોવા મળે છે. તે કોઇપણ પ્રકારની વિરોધ વગરની અવિરોધ એકરૂપતા હોય છે. આવી અવિરોધ એકરૂપતા હોય તે જ જાતિ છે. સંસારી જીવોની આ સમાનતા અને જાતિનો આધાર ઇન્દ્રિયો છે. આ ઇન્દ્રિયો પાંચ પ્રકારની છે અને તેથી જાતિ અપેક્ષાએ સંસારી જીવો પાંચ પ્રકારના છે– ૧. એકેન્દ્રિય ૨. દ્વીન્દ્રિય ૩. ત્રીન્દ્રિય ૪. ચતુરિન્દ્રિય અને ૫. પંચેન્દ્રિય. સંસારી જીવ આ પાંચ પ્રકારની જાતિ પૈકી કોઇને કોઇ પ્રકારે જોવા મળે છે. તેથી જાતિ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના પાંચ ભેદ છે. આ પાંચેય ઇન્દ્રિયવાળા જીવોનું વર્ણન આ અગાઉનાં પ્રકરણઃ ૬ જીવ સમાસમાં આવી ગયું હોવાથી અહીં ફરી આપવામાં આવતું નથી.

## ૩. શરીર

શરીર નામકર્મના ઉદયના કારણે સંસારી જીવને એકક્ષેત્રાવગાહ સંબંધ ધરાવતા પૌદ્‌ગલિક સંયોગની પ્રાપ્તિ હોય છે. તેને શરીર કહે છે.

આ શરીરનાં પાંચ પ્રકાર છે– ૧. ઔદારિક ૨. વૈક્રિયિક ૩. આહારક ૪. તૈજસ અને ૫. કાર્મણ.



### ૧. ઔદારિક શરીર




**ઔદારિક શરીર નામકર્મનાં ઉદયના કારણે ઉત્પન્ન થતા સંસારી જીવના શરીરને ઔદારિક શરીર કહે છે.**

જે ઉદાર એટલે કે સ્થૂળ છે તેને ઔદારિક કહે છે. ઔદારિક શરીર સ્થૂળ હોવાથી ઇન્દ્રિય ગોચર હોય છે. તે પૌદ્‌ગલિક આહાર વર્ગણામાંથી રચાય છે. તેની ઉત્પત્તિ સંમૂર્ચ્છન કે ગર્ભજ જન્મ વડે થાય છે. તે વાત, પિત, શ્લેષ્મ, શિરા, સ્નાયુ, ચામડી અને ઉદરાગ્નિ એ સાત ધાતુઓનું બનેલું હોય છે.

મનુષ્ય અને તિર્યંચોનું શરીર ઔદારિક હોય છે.

### ૨. વૈક્રિયિક શરીર



**વૈક્રિયિક શરીર નામકર્મનાં ઉદયના કારણે ઉત્પન્ન થતા સંસારી જીવના શરીરને વૈક્રિયિક શરીર કહે છે.**

જે વિવિધ પ્રકારની વિક્રિયાથી યુક્ત હોય તેને વૈક્રિયિક કહે છે. વિક્રિયા બે પ્રકારની હોય છે. એકત્વ વિક્રિયા અને પૃથ્થકૃત્વ વિક્રિયા. પોતાના મૂળ શરીરને જ વિવિધ રૂપે બનાવવું તે એકત્વ વિક્રિયા છે અને પોતાના મૂળ શરીરથી ભિન્ન મકાન, મંડપ વગેરે બનાવવું તે પૃથ્થકૃત્વ વિક્રિયા છે. વૈક્રિયિક શરીર આહાર વર્ગણામાંથી બને છે અને તેની ઉત્પત્તિ ઉપપાદ જન્મથી થાય છે. આ શરીર સાત ધાતુઓથી રહિત અને સૂક્ષ્મ હોય છે. તેથી તે ઇન્દ્રિય ગોચર હોતું નથી. દેવ અને નારકીઓનું શરીર વૈક્રિયિક હોય છે. દેવનું વૈક્રિયિક શરીર શુભ નામકર્મનાં ઉદયથી પ્રાપ્ત થતું દિવ્ય અને પવિત્ર હોવાથી શુભ કહેવાય છે અને નારકીનું વૈક્રિયિક શરીર અશુભ નામકર્મનાં ઉદયથી પ્રાપ્ત થતું અસુંદર અને અશુચિ હોવાથી અશુભ કહેવાય છે.

કોઇ મુનિને તપના પ્રભાવથી પ્રગટ થયેલી ઋદ્ધિના કારણે વિક્રિયા થઇ શકે છે.પણ તે વૈક્રિયિક શરીર હોતું નથી. ત્યાં ઔદારિક શરીર જ વિક્રિયાત્મક થાય છે અને મૂળ શરીરને છોડ્યા વિના પોતાને યોગ્ય વિક્રિયા કરે છે. સાતસો મુનિઓની ઉપસર્ગથી રક્ષા કરનાર વિષ્ણુકુમાર મુનિને આવી વિક્રિયા ઋદ્ધિ હતી.


### ૩. આહારક શરીર



**આહારક શરીર નામકર્મના ઉદયના કારણે ઉત્પન્ન થતાં શરીરને આહારક શરીર કહે છે.**

જે નોકર્મ આહારને ગ્રહણ કરવાથી બને છે તેને આહારક કહે છે. આહારક શરીર એક હાથ જેટલું ઊંચુ સુંદર અંગોપાંગવાળું સમચતુરસ્ર સંસ્થાનવાળું અને હંસ જેવો ઉજ્જવળ સફેદ રંગનું હોય છે. આ શરીરમાં નિગોદનાં જીવોનો સંબંધ હોતો નથી. છઠ્ઠા ગુણસ્થાનવર્તી કોઇ ઋદ્ધિધારક મુનિના મસ્તકમાંથી આવું આહારક શરીર ઉત્પન્ન થાય છે. સામાન્ય રીતે મુનિને કોઇ સૂક્ષ્મ પદાર્થનો નિર્ણય કરવા માટે સંયમના પરિપાલન અર્થે કે તત્ત્વ સંબંધી કોઇ શંકાના સમાધાન માટે કેવળી ભગવાન પાસે જવા આવું આહારક શરીર ઉપજે છે. આ આહારક શરીર ક્ષણ માત્રમાં લાખો યોજન સુધી જઇ શકે છે અને પોતાનું પ્રયોજન સાધી મૂળ શરીરમાં પ્રવેશી વિલય પામી જાય છે. તેથી આ આહારક શરીરની સ્થિતિ અંતર્મુહૂર્ત કાળ જેટલી અલ્પ હોય છે. આ આહારક શરીર વૈક્રિયિક શરીર કરતાંય વધુ સૂક્ષ્મ છે તેથી તે દષ્ટિગોચર થતું નથી. તેમજ તે કોઇથી બાધિત થતું નથી કે કોઇને બાધા પહોંચાડતું નથી.

### ૪. તૈજસ શરીર



**તૈજસ શરીર નામકર્મનાં ઉદયના કારણે ઉત્પન્ન થતા શરીરને તૈજસ શરીર કહે છે.**

જે તૈજસ વર્ગણામાંથી બને તેને તૈજસ કહે છે. તૈજસ શરીર બે પ્રકારના છે– અનિઃસરણાત્મક અને નિઃસરણાત્મક.

અનિઃસરણાત્મક તૈજસ શરીર સર્વ સંસારી જીવોને સદાયને માટે હોય છે. આ શરીર ઔદારિક, વૈક્રિયિક અને આહારક શરીરને તેજ, પ્રભા કે દીપ્તિનું કારણ હોય છે. આ શરીર ગ્રહણ કરેલ અન્નપાનનું પાચક પણ હોય છે. આ શરીરનો આકાર અને કદ વર્તમાન સ્થૂળ શરીર પ્રમાણે હોય છે. તે પદ્મરાગમણિ સમાન તેજ કે પ્રભાવાળું અને શંખ જેવું સફેદ હોય છે. આ શરીર આહારક શરીર કરતાંય વધુ સૂક્ષ્મ છે અને તેથી બાધારહિત અને ઇન્દ્રિય અગોચર છે. આ શરીર એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે વિગ્રહગતિમાં પણ સાથે જ રહે છે તેથી તૈજસ શરીરનો સંયોગ સદાય રહે છે. જો કે તૈજસ શરીરનાં તૈજસ વર્ગણાના પરમાણુઓનું આવાગમન સતત ચાલ્યા કરે છે. પણ સંયોગની અપેક્ષાએ તૈજસ શરીરનો સંયોગ જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સંસાર અવસ્થામાં સદાયને માટે બન્યો રહે છે.


નિઃસરણાત્મક તૈજસ શરીર કોઇ કોઇ યોગીને તેના તપના પ્રભાવથી પ્રગટ થાય છે. આ શરીર શુભ અને અશુભ એમ બે પ્રકારનું હોય છે.

શુભ પ્રકારનું નિઃસરણાત્મક તૈજસ શરીર કોઇ મુનિની કરૂણાના કારણે તેની ઋદ્ધિથી પ્રગટે છે. દુષ્કાળ,

રોગચાળો કે બીજી કોઇ આપત્તિના પ્રસંગે કરૂણાવશ મુનિના જમણા ખભામાંથી મૂળ શરીરને છોડ્યા વિના એક સૌમ્ય આકૃતિનો તૈજસ પિંડ બહાર આવી ૧૨ યોજન (૧૫૩.૬ કિ.મી.) સુધીના જીવોનું દુઃખ મટાડી મૂળ શરીરમાં પાછું ફરે છે.

અશુભ પ્રકારનું નિઃસરણાત્મક તૈજસ શરીર કોઇ મુનિના ક્રોધના કારણે તેની ઋદ્ધિથી પ્રગટે છે. કોઇ દ્વારા કરાયેલ ઉપસર્ગ પ્રસંગે સમભાવ દાખવી ન શકનાર મુનિના ક્રોધવશ તેના ડાબા ખભામાંથી મૂળ શરીરને છોડ્યા વિના એક સિંદૂર સમાન રાતા અગ્નિરૂપ તૈજસ પિંડ બાર યોજન સુધીના પોતાના ક્રોધના કારણભૂત હોય એવા જીવોના શરીર અને પુદ્ગલોને બાળી પોતાના મૂળ શરીરમાં પાછું ફરી તેને પણ બાળે છે. દ્વીપાયન મુનિના ક્રોધના કારણે પ્રગટેલ આવા અશુભ તૈજસ શરીરને કારણે દ્વારિકાનગરી અને દ્વીપાયન મુનિ પોતે સળગી ગયેલ હતા.

## ૫. કાર્માણ શરીર



**કાર્માણ શરીર નામકર્મનાં ઉદયના કારણે ઉત્પન્ન થતા સંસારી જીવના શરીરને કાર્માણ શરીર કહે છે.**

જે કાર્માણ વર્ગણામાંથી બને તેને કાર્માણ કહે છે. કાર્માણ શરીરના આઠ પ્રકાર છે– ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર અને ૮. અંતરાય. આ આઠ પ્રકારના કાર્માણ શરીરને કર્મની આઠ પ્રકારની મૂળ પ્રકૃતિઓ કહે છે. તેના પેટા પ્રકાર ૧૪૮ છે.


જીવનો સંસાર આ કર્મના કારણે જ હોય છે. બધાં પ્રકારના શરીર કર્મના કારણે છે. નામકર્મના ઉદયના કારણે ઔદારિક, વૈક્રિયિક, આહારક અને તૈજસ શરીર છે તેમ કાર્માણ શરીર પોતે પણ છે. કેમ કે, વિશિષ્ટ પ્રકારની કાર્માણ વર્ગણામાંથી રચાયેલું કાર્માણ શરીર તે પણ કર્મના ઉદયનું જ ફળ હોય છે. દ્રવ્યકર્મના ઉદયના કારણે શરીરાદિ નોકર્મ અને રાગાદિ ભાવકર્મ હોય છે. જીવના રાગાદિ વિકારી ભાવોને કારણે નવા દ્રવ્યકર્મનું બંધન હોય છે. કર્મનું બંધન ૧. પ્રદેશ, ૨. પ્રકૃતિ, ૩. સ્થિતિ અને ૪. અનુભાગ એ ચાર પ્રકારે હોય છે. કર્મ સંબંધી ૧. બંધ, ૨. ઉદય, ૩. સત્ત્વ, ૪. અપકર્ષણ, ૫. ઉત્કર્ષણ, ૬. સંક્રમણ, ૭. ઉપશમ, ૮. ક્ષય, ૯. નિધત્ત અને ૧૦. નિકાચિત એ દશ કરણો હોય છે. કર્મ સંબંધી વિશેષ માહિતી કરણાનુયોગના ગ્રંથોમાંથી જાણી શકાય છે. કાર્માણ શરીર એ તૈજસ શરીરની જેમ સંસારી જીવની સાથે સદૈવ રહે છે. વિગ્રહ ગતિમાં પણ આ કાર્માણ શરીર જીવ સાથે જ રહે છે. કાર્માણ વર્ગણાના પરમાણુઓનું આવાગમન સતત ચાલ્યા કરે છે અને તેથી નવા નવા કાર્માણ વર્ગણાના પરમાણુઓ કાર્મણ શરીરરૂપે જીવના સંયોગમાં સદાય બન્યા રહે છે. આ કાર્માણ શરીર એ તૈજસ શરીર કરતાંય વધુ સૂક્ષ્મ છે. તેથી તે બાધારહિત અને ઇન્દ્રિય અગોચર હોય છે. આ કર્મોનો અભાવ એ જીવના મોક્ષનું કારણ છે.

ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ એ પાંચ પ્રકારના શરીરમાં ઉત્તરોત્તર પૌદ્ગલિક પરમાણુઓની સંખ્યા વધુને વધુ હોય છે. ઔદારિક શરીર કરતાં વૈક્રિયિક શરીરમાં અસંખ્યાતગુણા અધિક પરમાણુઓ હોય છે. તે જ રીતે વૈક્રિયિક શરીર કરતાં આહારક શરીરમાં રહેલા પરમાણુઓની સંખ્યા અસંખ્યાતગુણી અધિક હોય છે. જ્યારે આહારક શરીર કરતાં તૈજસ શરીરનાં પરમાણુઓ તો તેના કરતાંય અનંતગુણા અધિક હોય છે. તે જ રીતે તૈજસ શરીર કરતાં કાર્માણ શરીરના પરમાણુઓ તેના કરતાંય અનંતગુણા અધિક હોય છે. પરમાણુઓની સંખ્યા વધુ ને વધુ હોવા છતાં આ શરીર ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ હોય છે. એટલે કે ઔદારિક શરીર કરતાં વૈક્રિયિક શરીર વધુ સૂક્ષ્મ છે. તે જ રીતે ક્રમશઃ આહારક, તૈજસ અને કાર્માણ શરીર વધુ ને વધુ સૂક્ષ્મ હોય છે.

**પ્રશ્ન : ઔદારિક આદિ શરીરમાં પરમાણુઓની ગીચતા ઉત્તરોત્તર અધિક છે. તેથી તેમાં ઉત્તરોત્તર વધુ સ્થૂળતા હોવી જોઇએ તેના બદલે સૂક્ષ્મતા કેમ ?**

**ઉત્તર :** પરમાણુઓની ગીચતાના આધારે પૌદ્ગલિક સ્કંધની સ્થૂળતા કે સૂક્ષ્મતા હોતી નથી. પરંતુ આ સ્થૂળતા કે સૂક્ષ્મતા પરમાણુઓની બંધન વિશેષતાના કારણે હોય છે અને તેથી ઉત્તરોત્તર વધુ પરમાણુઓ હોવા છતાં ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મતા પણ જોવા મળે છે. જેવી રીતે અમુક કદનાં લાકડાનો ટુકડો અને તેટલાં જ કદનાં પાણીમાં બંનેમાં કદ સરખા હોવા છતાં લાકડા કરતાં પાણીમાં પરમાણુઓની સંખ્યા વધુ છે અને તેના કારણે લાકડું પાણી કરતાં

હલકું છે અને તેથી



તે પાણીમાં તરે પણ છે. પણ સૂક્ષ્મતાની દૃષ્ટિએ જોવામાં આવે તો વધુ પરમાણુઓ હોવા છતાં લાકડા કરતાં પાણી સૂક્ષ્મ છે. તેનું કારણ લાકડાનાં પરમાણુઓનું પરસ્પર બંધન જેટલું મજબૂત હોય છે તેટલું પાણીનાં પરમાણુઓનું હોતું નથી. અને તેથી લાકડા કરતાં પાણીમાં વધુ પરમાણુઓ હોવા છતાં તે વધુ સૂક્ષ્મ છે. આ જ બાબત ઔદારિકાદિ શરીર માટે પણ જાણવી.

શરીર નામકર્મનાં ઉદયના કારણે આહાર વર્ગણાના પૌદ્‌ગલિક સ્કંધોમાંથી પોતાને યોગ્ય ઔદારિક, વૈક્રિયિક અને આહારક શરીરની રચના થાય છે. તે જ રીતે તૈજસ વર્ગણામાંથી તૈજસ શરીરની અને કાર્માણ વર્ગણામાંથી કાર્માણ શરીરની રચના થાય છે.

સંસારી જીવને ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ ચાર શરીર એક સાથે હોય છે. તૈજસ અને કાર્માણ શરીરનો દરેક સંસારી જીવને દરેક વખતે સદ્‌ભાવ હોય જ છે. તે ઉપરાંત મનુષ્ય અને તિર્યંચને ઔદારિક શરીર તથા દેવ અને નારકીને વૈક્રિયિક શરીર હોય છે. આમ સામાન્ય રીતે કુલ ત્રણ શરીર સંસારી જીવને એક સાથે હોય છે. કોઇ મુનિને ક્યારેક આહારક શરીર પણ હોય તો તેને કુલ ચાર શરીર એક સાથે જોવા મળે છે. ઓછામાં ઓછા બે શરીર-તૈજસ અને કાર્માણ-વિગ્રહ ગતિના જીવોને હોય છે.

શરીર નામકર્મની અપેક્ષાએ સંસારી જીવ

૧. ઔદારિક-તૈજસ-કાર્માણ એ ત્રણ શરીરવાળો,

૨. વૈક્રિયિક-તૈજસ-કાર્માણ એ ત્રણ શરીરવાળો,

૩. ઔદારિક-આહારક-તૈજસ-કાર્મણ એ ચાર શરીરવાળો અથવા વિગ્રહગતિમાં હોય ત્યારે

૪. તૈજસ-કાર્માણ એ બે શરીરવાળો એમ કુલ ચાર પ્રકારે જોવા મળે છે. તેથી શરીર નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ચાર ભેદ હોય છે.

### ૪. સંઘાત



**સંઘાત નામકર્મનાં ઉદયના કારણે ઔદારિકાદિ શરીરના પરમાણુઓ છિદ્રરહિત એકતાને પ્રાપ્ત થાય તેને સંઘાત કહે છે.**

પૃથગ્ભૂત પદાર્થનું એકરૂપ થવું તેને સંઘાત કહે છે. સંઘાત નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં પરમાણુઓ પરસ્પર એકબીજાના પ્રદેશોમાં પ્રવેશ પામી છિદ્ર રહિત એકરૂપતા સાધે છે. જો સંઘાત નામકર્મ ન હોય તો શરીર મમરાના લાડવાની જેમ છિદ્રાળુ રહી જાય. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ એ પાંચ પ્રકારના શરીર સંબંધી સંઘાત નામકર્મ પણ પાંચ પ્રકારના છે. સંસારી જીવના શરીર અપેક્ષાએ જે ચાર ભેદ છે તે જ ભેદ સંઘાત અપેક્ષાએ પણ લાગુ પડે છે.

### ૫. બંધન



**બંધન નામકર્મનાં ઉદયના કારણે ઔદારિકાદિ શરીરનાં પરમાણુઓ પરસ્પર સંશ્લેષને પ્રાપ્ત થાય તેને બંધન કહે છે.**

પુદ્‌ગલ પરમાણુઓનું એકબીજા સાથે જોડાણ થવું તેને બંધન કહે છે. સંઘાત નામકર્મના ઉદયના કારણે પરસ્પર સંઘાત પામેલ આહારના પરમાણુઓ બંધન નામકર્મનાં ઉદયના કારણે પરસ્પર બંધન પામે છે. બંધનનાં કારણે શરીર અને તેના અંગોપાંગની રચના શક્ય બને છે. જો બંધન નામકર્મ ન હોય તો શરીર રેતીના મહેલની જેમ તુરત જ વિખરાઇ જાય અને ટકી શકે નહિ. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ એ પાંચ પ્રકારના શરીરના બંધન પણ પાંચ પ્રકારના કહેવાય છે. સંસારી જીવના પાંચ પ્રકારના શરીર પૈકી કુલ ત્રણ, ત્રણ, ચાર કે બે શરીર હોય તે પ્રમાણે કુલ ચાર ભેદ છે. તે જ ભેદ બંધન અપેક્ષાએ હોય છે.

### ૬. અંગોપાંગ

**અંગોપાંગ નામકર્મના ઉદયના કારણે સંસારી જીવના શરીરનાં અંગ અને ઉપાંગની રચના થાય તેને અંગોપાંગ કહે છે.**

શરીરનાં મુખ્ય અવયવને અંગ અને ગૌણ અવયવને ઉપાંગ કહે છે. બે હાથ, બે પગ, નિતંબ, પીઠ, હૃદય અને મસ્તક એ શરીરનાં મુખ્ય આઠ અવયવો છે જે આઠ અંગ તરીકે ઓળખાય છે. આ સિવાયના બાકીનાં આંખ, કાન, નાક, જીભ, હોઠ, કપાળ વગેરે શરીરના ગૌણ અવયવો છે જે ઉપાંગ તરીકે ઓળખાય છે. અંગોપાંગને કારણે સંસારી જીવ પોતાની દેહધાર્મિક ક્રિયાઓ સારી રીતે કરી શકે છે. ઔદારિક, વૈક્રિયિક અને આહારક શરીરને દેહધાર્મિક ક્રિયાઓ અને તે માટેના અંગોપાંગ હોય છે. તૈજસ અને કાર્મણ શરીરને દેહધાર્મિક ક્રિયા અને તે માટેના અંગોપાંગ હોતા નથી. એકેન્દ્રિયનું શરીર ઔદારિક હોવા છતાં તેને હાથપગ જેવા અવયવોનો અભાવ હોવાને કારણે અંગોપાંગનો પણ અભાવ છે.



ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ પ્રકારના શરીરને અંગોપાંગ હોવાને કારણે અંગોપાંગનાં પણ એ ત્રણ પ્રકાર છે. ઔદારિક શરીર અંગોપાંગ નામકર્મના ઉદયના કારણે ઔદારિક શરીરને, વૈક્રિયિક શરીર અંગોપાંગ નામકર્મના ઉદયના કારણે વૈક્રિયિક શરીરને અને આહારક શરીર અંગોપાંગ નામકર્મનાં ઉદયના કારણે આહારક શરીરને અંગોપાંગ હોય છે. અંગોપાંગની અપેક્ષાએ સંસારી જીવોના ભેદ ત્રણ પ્રકારના છે. જે આ પ્રમાણે- ૧. દેવ અને નારકીને વૈક્રિયિક અંગોપાંગ હોય છે. ૨. મનુષ્ય અને તિર્યંચને ઔદારિક અંગોપાંગ હોય છે અને ૩. કોઇ મુનિને ઔદારિક ઉપરાંત આહારકશરીર હોય તો આહારક અંગોપાંગ પણ હોય છે.

## ૭. સંસ્થાન

**સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે અંગોપાંગ યુક્ત શરીરનો કોઈ ચોક્કસ આકાર હોય તેને સંસ્થાન કહે છે.**

સંસ્થાનનો અર્થ આકાર કે આકૃતિ છે. સંસ્થાન એ પદાર્થની સંસ્થિતિ એટલે કે હયાતિનું કારણ છે. તેથી કોઇ પણ પદાર્થ તેના ગોળ, ચોરસ, ત્રિકોણ જેવા કોઇ ને કોઇ સંસ્થાનવાળો હોય છે. અંગોપાંગ યુક્ત શરીરનો કોઇ ચોક્કસ આકાર હોય છે. તેને તેનું સંસ્થાન કહે છે. એકેન્દ્રિયના શરીરમાં અંગોપાંગ હોતા નથી તેથી તેને કોઇ ચોક્કસ આકાર કે સંસ્થાન હોતું નથી. બાકીના અંગોપાંગવાળા શરીરનો કોઇ ચોક્કસ આકાર હોય છે તે તેનું સંસ્થાન છે. સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું સંસ્થાન છ પ્રકારનું છે– ૧. સમચતુરસ્ર સંસ્થાન, ૨. ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, ૩. સ્વાતિ સંસ્થાન, ૪. કુબ્જક સંસ્થાન, ૫. વામન સંસ્થાન અને ૬. હુંડક સંસ્થાન.




### ૧. સમચતુરસ્ર સંસ્થાન

**સમચતુરસ્ર સંસ્થાન નામકર્મના કારણે સંસારી જીવના શરીરના અંગ ઉપાંગ સપ્રમાણ અને શોભાસ્પદ હોય તેને સમચતુરસ્ર સંસ્થાન કહે છે.**



૧. સમચતુરસ્ર સંસ્થાન

સમચતુરસ્ર = સમ + ચતુરસ્ર. અહીં સમ એટલે સપ્રમાણ. ઉપર, નીચે, મધ્યમાં દરેક જગ્યાએ અંગ-ઉપાંગ સપ્રમાણ હોય તે સમ છે. ચતુર એટલે શોભા અને ચતુરસ્ર એટલે શોભાસ્પદ. શરીરનાં બધા અંગ-ઉપાંગ સપ્રમાણ અને શોભાસ્પદ હોય તેને સમચતુરસ્ર કહે છે. તીર્થંકર ભગવાનના શરીરનું સંસ્થાન આ પ્રકારનું હોય છે. તે સમચતુરસ્ર સંસ્થાન નામકર્મનાં ઉદયનું ફળ છે.

### ૨. ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન

**ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનાં નાભિ ઉપરના અંગો સપ્રમાણ અને શુભ લક્ષણવાળા હોય છે તેને ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન કહે છે.**



૨. ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન

ન્યગ્રોધ પરિમંડલ = ન્યગ્રોધ + પરિ + મંડલ. અહીં ન્યગ્રોધનો અર્થ વટવૃક્ષ છે. પરિ એટલે ફરતો અને મંડલ એટલે ઘેરાવો. જે શરીરનું સંસ્થાન વટવૃક્ષ સમાન ફરતો ઘેરાવો ધરાવે છે તેને ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન કહે છે. વટવૃક્ષનો નીચેનો ભાગ નાનો અને ઉપરનો ભાગ વિશાળ હોય છે. તેમ જે શરીરના નીચેના અંગો નાના અને ઉપરના અંગો સપ્રમાણ,

વિશાળ અને શુભ લક્ષણવાળો હોય તે ન્યગ્રોધપરિમંડલ કહેવાય છે. ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે શરીરનું આવું સંસ્થાન હોય છે.

### ૩. સ્વાતિ સંસ્થાન


**સ્વાતિ સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરના નાભિ નીચેના અંગો સપ્રમાણ અને શુભ લક્ષણવાળા હોય છે તેને સ્વાતિ સંસ્થાન કહે છે.**


૩. સ્વાતિ સંસ્થાન

નીચે મોટા અને ઉપર નાના હોય તેવા શાલ્મલી વૃક્ષ જેવા આકારને સ્વાતિ કહે છે. વટવૃક્ષ જેવા આકારના ન્યગ્રોધપરિમંડલથી ઊલટી રચના સ્વાતિની હોય છે. એટલે કે તે નીચે વિશાળ અને સપ્રમાણ હોય છે અને ઉપર જતાં નાનુ હોય છે. જે શરીરના નાભિ નીચેના અંગો સપ્રમાણ, વિશાળ અને શુભ લક્ષણવાળા હોય પણ ઉપરના અંગો તેવા ન હોય તેને સ્વાતિ સંસ્થાન કરે છે. સ્વાતિ નામકર્મના ઉદયના કારણે શરીરનું સંસ્થાન આવું હોય છે.

### ૪. કુબ્જક સંસ્થાન

**કુબ્જક સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનો ઉપર-નીચેનો ભાગ પાતળો અને વચલો ભાગ જાડો હોય છે તેને કુબ્જક સંસ્થાન કહે છે.**


૪. કુબ્જક સંસ્થાન

કુબ્જકનો અર્થ કૂબડો થાય છે. પીઠ ઉપરનો ખૂંધનો ભાગ બહાર નીકળી ગયો હોય તેવા ખૂંધિયા કે પેટ ઉપરની ફાંદનો ભાગ બહાર નીકળી ગયો હોય તેવા ફાંદિયા શરીરનાં આકારને કૂબડું કહે છે. કુબ્જક નામકર્મનાં ઉદયના કારણે આવું કૂબડું શરીર હોય છે.

### ૫. વામન સંસ્થાન

**વામન સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનાં બધા અંગો નાના હોય છે તેને વામન સંસ્થાન કહે છે.**


૫. વામન સંસ્થાન

ઠીંગણા શરીરને વામન કહે છે. શરીરના ધડના પ્રમાણમાં હાથ-પગાદિ અવયવો ઘણાં નાના હોય તેવા શરીરને ઠીંગણું કહે છે. વામન સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે આવું ઠીંગણુ શરીર હોય છે.

### ૬. હુંડક સંસ્થાન

**હુંડક સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનાં બધા અંગ-ઉપાંગ હીનાધિક હોય છે તેને હુંડક સંસ્થાન કહે છે.**


૬. હુંડક સંસ્થાન

હુંડ જેવા આકારને હુંડક કહે છે. પથ્થરોથી ભરેલ મશક જેવા બધી બાજુએથી વિષમ આકાર હોય તેને હુંડ કહે છે. હુંડ જેવા આકારવાળા શરીરને હુંડક કહે છે. હુંડક સંસ્થાન નામકર્મનાં ઉદયના કારણે આવું હુંડ જેવું શરીર હોય છે. ઊંટ જેવા બેડોળ શરીરનાં આકારને હુંડક સંસ્થાન કહે છે.

સંસ્થાન નામકર્મની અપેક્ષાએ સંસારી જીવનું અંગોપાંગવાળુ શરીર કોઇ એક પ્રકારે હોય છે. તેથી સંસ્થાન અપેક્ષાએ સંસારી જીવના આ છ પ્રકારના ભેદ હોય છે.

## ૮. સંહનન

**સંહનન નામકર્મ ઉદયના કારણે સંસારી જીવના શરીરનાં હાડકાની મજબૂતાઇ અને તેનું બંધન વિશેષ હોય છે તેને સંહનન કહે છે.**

હાડકાંઓના અરસપરસના જોડાણના પ્રકારને સંહનન કહે છે. સંહનન નામકર્મનાં ઉદયના કારણે હાડકાંઓની મજબૂતાઇ અને તેઓનું ચોક્કસ પ્રકારનું બંધન હોય છે. શુદ્ધાત્માના ધ્યાન માટે યોગ્ય સંહનનની આવશ્યકતા હોય છે. શરીરની અને ચિત્તની સ્થિરતા માટે સંહનનની ભૂમિકા હોય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર શુક્લધ્યાન ઉત્તમ સંહનનમાં જ સંભવે છે. સંહનનના કારણભૂત કર્મનો ઉદય તે સંહનન નામકર્મ છે. સંહનન નામકર્મનાં ઉદયના કારણે થતા સંસારી જીવના સંહનન છ પ્રકારે હોય છે. જે આ પ્રમાણે છે–

૧. વજ્રઋષભનારાચ સંહનન

૨. વજ્રનારાચ સંહનન

૩. નારાચ સંહનન

૪. અર્ધનારાચ સંહનન

૫. કીલક સંહનન



૬. અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન

ઉપરોક્ત છ પ્રકારના સંહનન ક્રમિકપણે ઉત્તરોત્તર નબળાં હોય છે. તેમાં પ્રથમ ત્રણ પ્રકારના સંહનન આત્મધ્યાન માટે વિશેષ સાનુકૂળ હોવાથી તેને ઉત્તમ સંહનન કહે છે. સ્ત્રીઓને પ્રથમ ત્રણ પ્રકારના ઉત્તમ સંહનન હોતા નથી. ઉત્તમ સંહનનનાં અભાવે સ્ત્રી પર્યાયમાં મોક્ષનું કારણ હોય તેવું ધ્યાન સંભવતું નથી અને તેથી સ્ત્રી પર્યાયમાં મોક્ષ હોતો નથી. ઉપરોક્ત દરેક સંહનનની સમજૂતી નીચે મુજબ છે.

**૧. વજ્રઋષભનારાચ સંહનન**




**વજ્રઋષભનારાચ સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરના હાડકાં, વેષ્ટન અને ખીલીઓ બધુંય વજ્રનું બનેલું હોય છે તેને વજ્રઋષભનારાચ સંહનન કહે છે.**

જગતનાં સૌથી વધુ મજબૂત પદાર્થને વજ્ર કહે છે. હાડકાં ઉપરનું *વેષ્ટન* હોય તેને ઋષભ કહે છે અને હાડકાંના જોડાણ માટેની ખીલી, ખૂંટો કે પાટો હોય તેને નારાચ કહે છે. જે શરીરના હાડકાં, ઋષભ અને નારાચ બધુંય વજ્રનું બનેલું હોય તેના સંહનનને વજ્રઋષભનારાચ સંહનન કહે છે.

વજ્રઋષભનારાચ સંહનન એ સૌથી ઉત્તમ પ્રકારનું પ્રથમ સંહનન છે. આ સંહનનવાળો જીવ જ કેવળજ્ઞાન અને મોક્ષનું કારણ હોય તેવા શુક્લધ્યાનનો અધિકારી હોય છે. આ સંહનનવાળાનું ચિત્ત એકદમ સ્થિર રહી શકે છે અને તેથી તે છેદન, ભેદન, વધ, બંધન, જેવા ઉપસર્ગના સમયે કે ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી જેવા પરિષહના સમયે પણ અડગ રહી શકે છે. તેથી મોક્ષગામી મહાત્માનું સંહનન આ પ્રકારનું જ હોય છે. આ સંહનન ધરાવનારો પુરુષ ઉગ્ર પુરુષાર્થી હોય છે. જો તેનો પુરુષાર્થ સવળી દિશામાં કામ કરે તો તે પુરુષ મોક્ષને પ્રાપ્ત કરે છે પણ જો તેનો પુરુષાર્થ અવળી દિશામાં કામ કરે તો તે સાતમી નરકે જાય છે. બધા તીર્થંકર અને ચક્રવર્તીઓ વજ્રઋષભનારાચ સંહનનવાળા હોય છે. બધાં તીર્થંકર સવળા પુરુષાર્થ વડે મોક્ષને પ્રાપ્ત કરે છે. પણ ચક્રવર્તી પૈકી જે ચક્રવર્તી સવળો પુરુષાર્થી હોય તો તે મોક્ષગામી હોય છે અને અવળો પુરુષાર્થી હોય તો તે સાતમી નરકને પ્રાપ્ત થાય છે. આ સંહનનવાળા જીવના શરીરમાં પડી જવાથી કોઇ તૂટફૂટ થતી નથી. હનુમાનજી બાળક અવસ્થામાં પોતાની માતાના ખોળામાંથી ઉછળીને વિમાનમાંથી નીચે પર્વત ઉપર પડ્યા હતા. પણ તેમને વજ્રઋષભનારાચ સંહનન હોવાને કારણે કાંઇ થયું નહોતું અને પર્વતના સૈંકડો ટૂકડા થઇ ગયા હતા. વર્તમાન પંચમ કાળના મનુષ્યોમાં વજ્રઋષભનારાચ સંહનન હોતું નથી.

**૨. વજ્રનારાચ સંહનન**





**વજ્રનારાચ સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં હાડકા અને તેના બંધન માટેની ખીલીઓ વજ્રની હોય છે પણ તેમના ઉપરનું વેષ્ટન વજ્રનું હોતું નથી તેને વજ્રનારાચ સંહનન કહે છે.**

બીજા પ્રકારના વજ્રનારાચ સંહનનમાં નારાચ વજ્રનું હોય છે પણ ઋષભ વજ્રનું હોતું નથી. એટલે કે વજ્રનારાચ હોય છે પણ વજ્રઋષભનારાચ હોતું નથી. તેથી અહીં વજ્રના હાડકા અને તેના બંધન માટેની ખીલીઓ વજ્રની હોય છે પણ ઉપરનું વેષ્ટન વજ્રનું ન હોય તેવા સંહનનને વજ્રનારાચ સંહનન કહે છે.

આ સંહનનમાં શુક્લધ્યાન સંભવતું નથી પણ ઉત્તમ પ્રકારનું ધર્મધ્યાન સંભવે છે. વર્તમાન હીનકાળના મનુષ્યોમાં આ પ્રકારનું સંહનન પણ હોતું નથી.

**૩. નારાચ સંહનન**




**નારાચ સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં હાડકા, તેના બંધન માટેની ખીલીઓ અને તેના ઉપરનું વેષ્ટન હોય પણ તે કોઈ વજ્રનું હોતું નથી તેને નારાચ સંહનન કહે છે.**

ત્રીજા પ્રકારના નારાચ સંહનનમાં હાડકા, તેના બંધન માટેની ખીલીઓ અને તેના ઉપરનું વેષ્ટન હોય છે પણ તેમાંનું કોઇ વજ્રનું હોતું નથી. અહીં હાડકાની સંધિ માટેના નારાચ એટલે કે ખીલીઓ બંને બાજુએથી જોડાયેલી હોય છે આવા સંહનનને નારાચ સંહનન કહે છે.

વર્તમાન નિકૃષ્ટ કાળના મનુષ્યમાં આવું સંહનન પણ હોતું નથી.

**૪. અર્ધનારાચ સંહનન**




**અર્ધનારાચ સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં હાડકાની સંધિ અર્ધકીલિત હોય છે તેને અર્ધનારાચ સંહનન કહે છે.**

ચોથા પ્રકારના અર્ધનારાચ સંહનનમાં હાડકા તેના બંધન માટેની ખીલીઓ અને તેના ઉપરનું વેષ્ટન પૈકી કોઇ વજ્રનું હોતું નથી. અહીં હાડકાંની સંધિ માટેના નારાચ એટલે કે ખીલીઓ અર્ધકીલિત હોય છે એટલે કે આ ખીલીઓ એક બાજુથી જોડાયેલી હોય છે પણ તેની સામેની બીજી બાજુએથી જોડાયેલી હોતી નથી. આવા સંહનનને અર્ધનારાચ સંહનન કહે છે.

વર્તમાન નિકૃષ્ટ કાળના મનુષ્યોમાં આવું સંહનન પણ હોતું નથી.

**૫. કીલક સંહનન**




**કીલક સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં હાડકા પરસ્પર કીલિત હોય છે પણ તેને જોડવા માટેની ખીલી જેવું હોતું નથી તેને કીલક સંહનન કહે છે.**

પાંચમાં પ્રકારના કીલક સંહનનમાં શરીરનાં હાડકા એકબીજામાં આવી જાય તેવા ખાંચાવાળા હોય છે અને તેનાથી તેઓ એકબીજા સાથે જોડાયેલા રહે છે અને તેના ઉપરનું વેષ્ટન પણ હોય છે. પણ અહીં હાડકાના જોડાણ માટેની ખીલી જેવું કોઇ હોતું નથી. આવા સંહનનને કીલક સંહનન કહે છે.

વર્તમાન પંચમકાળના મનુષ્યો આવું પાંચમુ સંહનન ધરાવે છે. આ સંહનનમાં સમ્યગ્દર્શન, શ્રાવક દશા અને મુનિદશાને યોગ્ય ધર્મધ્યાન સંભવે છે. પણ કેવળજ્ઞાન અને મોક્ષને યોગ્ય શુક્લધ્યાન સંભવતું નથી.

**૬. અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન**




**અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન નામકર્મનાં ઉદયના કારણે શરીરનાં હાડકા કોઈપણ પ્રકારે જોડાયેલ ન હોય પણ બહારના વેષ્ટનના કારણે બંધાયેલ હોય છે. તેને અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન કહે છે.**

હાડકા પરસ્પર કોઇપણ પ્રકારે જોડાયેલ ન હોય તેને અસંપ્રાપ્ત કહે છે અને આ હાડકા સ્નાયુ શિરા માંસ જેવા વેષ્ટનથી વીંટાયેલ હોય તેને સૃપાટિકા કહે છે. જે શરીરનાં હાડકા જોડાયેલ ન હોય અને બહારના વેષ્ટનથી વીંટાયેલ હોય તેવા સંહનનને અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન કહે છે.

અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન એ સૌથી છેવટનું અને છઠ્ઠું સંહનન છે. સર્પ જેવા પેટે ચાલતા સરીસૃપ પ્રાણીઓનું સંહનન આ પ્રકારનું હોય છે.

સંહનન નામકર્મની અપેક્ષાએ સંસારી જીવનું હાડયુક્ત શરીર ઉપરોક્ત છ પ્રકાર પૈકી કોઇ એક સંહનનવાળું હોય છે. તેથી સંહનન અપેક્ષાએ સંસારી જીવના આ છ પ્રકારના ભેદ હોય છે.

## ૯. વર્ણ

**વર્ણ નામકર્મના ઉદયના કારણે સંસારી જીવના શરીરનો પોતાની જાતિને યોગ્ય કોઈ ચોક્કસ રંગ હોય છે તેને વર્ણ કહે છે.**



વર્ણ એ ચક્ષુઈન્દ્રિય એટલે કે આંખનો વિષય છે. વર્ણના પાંચ પ્રકાર છે– ૧. કૃષ્ણ, ૨. નીલ, ૩. રુધિર, ૪. હારિદ્ર અને ૫. શુક્લ. અહીં કૃષ્ણ એટલે કોલસા જેવો કાળો, નીલ એટલે મોરપીંછ જેવો વાદળી, રુધિર એટલે ચણોઠી જેવો લાલ, હારિદ્ર એટલે હળદર જેવો પીળો અને શુક્લ એટલે શંખ જેવો સફેદ વર્ણ છે. લાલ, પીળા અને વાદળી વર્ણના મિશ્રણથી બીજા અનેક પ્રકારના વર્ણ હોય છે. વર્ણ નામકર્મનાં ઉદયના કારણે શરીરનો કોઇને કોઇ વર્ણ હોય છે.

**પ્રશ્ન :** શરીર એ પૌદ્ગલિક પદાર્થ છે. અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિક તેના ગુણો છે. તેથી તેનો કોઇ ને કોઇ વર્ણ અવશ્ય હોય જ છે. તો પછી તેના વર્ણ માટે વર્ણ નામકર્મની શી આવશ્યકતા છે.

**ઉત્તર :** શરીર એ પૌદ્ગલિક પદાર્થ હોવાથી તેનો કોઇ ને કોઇ વર્ણ અવશ્ય હોય જ છે. પણ વર્ણ નામકર્મનાં કારણે આ વર્ણનું નિયતપણું હોય છે. જેમ કે–કાગડો કૃષ્ણ વર્ણનો અને હંસ શુક્લ વર્ણનો હોય છે. જો


વર્ણ નામકર્મનો ઉદય ન હોય તો આ વર્ણનું નિયતપણું ન બને અને તેના કારણે કાગડો શુક્લ વર્ણનો અને હંસ કૃષ્ણ વર્ણનો પણ જોવા મળે. પણ એવું સંભવતું નથી. આપણા ૨૪ તીર્થંકર ભગવાનના પણ સ્વર્ણ, રક્ત, હરિત, નીલ, કૃષ્ણ અને ધવલ જેવા કોઇ ને કોઇ નિયત વર્ણ જાણીતાં છે. તે પણ વર્ણ નામકર્મનાં ઉદયના કારણે હોય છે.

**પ્રશ્ન : જો વર્ણ નામકર્મનાં કારણે શરીરનો વર્ણ હોય તો વર્ણ નામકર્મનો પોતાનો વર્ણ બીજા કોઈ કર્મના કારણે હોય. એ બીજા કર્મનો વર્ણ કોઈ ત્રીજા કર્મનાં કારણે હોય અને આ રીતે કોઈ અંત જ ન આવે અને અનવસ્થા દોષ આવે ?**

ઉત્તર : વર્ણ નામકર્મ પોતે પણ એક પૌદ્‌ગલિક પદાર્થ છે અને તેનો પોતાનો પણ વર્ણ હોય છે. પણ પોતાના આ વર્ણ માટે તેને બીજા કોઇ કર્મની જરૂર હોતી નથી. જેમ કાળદ્રવ્ય સ્વયં પરિણામી થતું થકું બીજા દ્રવ્યનાં પરિણમનનાં પણ નિમિત્ત હોય છે. તેમ વર્ણ નામકર્મ સ્વયં વર્ણરૂપ થતો થકો બીજા નોકર્મરૂપ શરીરના વર્ણમાં પણ નિમિત્ત હોય છે અને તેથી અનવસ્થા દોષ આવતો નથી.
વર્ણ નામકર્મનાં કારણે સંસારી જીવના શરીરનાં મુખ્યત્વે પાંચ પૈકી કોઈ ને કોઈ વર્ણ હોય છે. તેથી વર્ણ અપેક્ષાએ સંસારી જીવના આ પાંચ ભેદ જાણવા.

## ૧૦. ગંધ

**ગંધ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરની પોતાની જાતિને યોગ્ય કોઈ ચોક્કસ વાસ હોય છે તેને ગંધ કહે છે.**





ગંધ એ ઘ્રાણેન્દ્રિય એટલે કે નાકનો વિષય છે. ગંધના બે પ્રકાર છે– ૧. સુરભિ અને ૨. દુરભિ. અહીં સુરભિ એટલે ફુલ જેવી સુગંધ અને દુરભિ એટલે લસણ જેવી દુર્ગંધ છે. જિનેન્દ્ર ભગવાનનું શરીર અત્યંત સુગંધી હોય છે. ભગવાનના જન્માભિષેક પછીનું જળ ભગવાનના શરીરના સ્પર્શના કારણે સુગંધી બની જાય છે. તેથી તેને ગંધોદક કહેવાય છે. શરીરની કોઇ ને કોઇ પ્રકારની ગંધ હોય છે. આ ગંધને પારખીને કૂતરો ગુનેગારને પકડાવી શકે છે.

ગંધ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરની સુરભિ કે દુરભિ પૈકી કોઇ ને કોઇ ગંધ હોય છે. તેથી ગંધ અપેક્ષાએ સંસારી જીવના બે પ્રકારના ભેદ જાણવા.

## ૧૧. રસ

**રસ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનો પોતાની જાતિને યોગ્ય કોઈ ચોક્કસ સ્વાદ હોય છે તેને રસ કહે છે.**




રસ એ રસનેન્દ્રિય એટલે કે જીભનો વિષય છે. રસના પાંચ પ્રકાર છે– ૧. તિક્ત, ૨. કટુક, ૩. કષાય, ૪. આમ્લ અને ૫. મધુર. અહીં તિક્ત એટલે મરચા જેવી તીખાસ, કટુક એટલે લીમડા જેવી કડવાશ, કષાય એટલે હરડે જેવી તૂરાશ, આમ્લ એટલે લીંબુ જેવી ખટાશ અને મધુર એટલે લાડુ જેવી મીઠાશ છે.

રસ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનો પાંચ પ્રકારના રસ પૈકી કોઇને કોઇ પ્રકારનો રસ હોય છે. તેથી રસ અપેક્ષાએ સંસારી જીવના પાંચ ભેદ છે.


## ૧૨. સ્પર્શ

**સ્પર્શ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવના શરીરનો પોતાની જાતિને યોગ્ય કોઈ ચોક્કસ સ્પર્શ હોય છે તેને સ્પર્શ કહે છે.**



સ્પર્શ એ સ્પર્શેન્દ્રિય એટલે કે ચામડીનો વિષય છે. સ્પર્શના ચાર પ્રકારના યુગલરૂપ કુલ આઠ ભેદ છે– ૧, ૨. કર્કશ અને મૃદુ ૩, ૪. ગુરુ અને લઘુ ૫, ૬. સ્નિગ્ધ અને રુક્ષ તેમ જ ૭, ૮. શીત અને ઉષ્ણ. અહીં કર્કશ એટલે કરવત જેવો કઠોર, મૃદુ એટલે માખણ જેવો કોમળ, ગુરુ એટલે લોખંડ જેવો ભારે અને લઘુ એટલે રૂ જેવો

હલકો, સ્નિગ્ધ એટલે દિવેલ જેવો ચિકણો, રુક્ષ એટલે રાખ જેવો લૂખો, શીત એટલે હિમ જેવો ઠંડો અને ઉષ્ણ એટલે અગ્નિ જેવો ગરમ સ્પર્શ છે.



સ્પર્શ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનો શરીરનો આઠ પ્રકારનો સ્પર્શ આઠ યુગલપણે હોય છે. તેથી શરીરનો સ્પર્શ એક સાથે સ્પર્શની ચાર પ્રકારની અવસ્થાવાળો હોય છે. જેમ કે- કોઇ મનુષ્યનું શરીર ૧. કર્કશ કે મૃદુ, ૨. ગુરુ કે લઘુ ૩. સ્નિગ્ધ કે રુક્ષ અને ૪. શીત કે ઉષ્ણ હોય છે. સ્પર્શની ચાર અવસ્થા યુગલપણે હોવાથી સ્પર્શ ૨ × ૨ × ૨ × ૨ = ૧૬ પ્રકારે હોય છે. તેથી સ્પર્શ અપેક્ષાએ સંસારી જીવના ૧૬ ભેદ છે. જે આ પ્રમાણે-

| | |
|---|---|
| ૧. કર્કશ-ગુરુ-સ્નિગ્ધ-શીત | ૯. મૃદુ-ગુરુ-સ્નિગ્ધ-શીત |
| ૨. કર્કશ-ગુરુ-સ્નિગ્ધ-ઉષ્ણ | ૧૦. મૃદુ-ગુરુ-સ્નિગ્ધ-ઉષ્ણ |
| ૩. કર્કશ-ગુરુ-રુક્ષ-શીત | ૧૧. મૃદુ-ગુરુ-રુક્ષ-શીત |
| ૪. કર્કશ-ગુરુ-રુક્ષ-ઉષ્ણ | ૧૨. મૃદુ-ગુરુ-રુક્ષ-ઉષ્ણ |
| ૫. કર્કશ-લઘુ-સ્નિગ્ધ-શીત | ૧૩. મૃદુ-લઘુ-સ્નિગ્ધ-શીત |
| ૬. કર્કશ-લઘુ-સ્નિગ્ધ-ઉષ્ણ | ૧૪. મૃદુ-લઘુ-સ્નિગ્ધ-ઉષ્ણ |
| ૭. કર્કશ-લઘુ-રુક્ષ-શીત | ૧૫. મૃદુ-ગુરુ-રુક્ષ-શીત |
| ૮. કર્કશ-લઘુ-રુક્ષ-ઉષ્ણ | ૧૬. મૃદુ-ગુરુ-રુક્ષ-ઉષ્ણ |

## ૧૩. આનુપૂર્વી

**આનુપૂર્વી નામકર્મનાં ઉદયથી વિગ્રહ ગતિમાં સંસારી જીવનો આકાર મરણ સમયના શરીર પ્રમાણે જળવાઈ રહે તેને આનુપૂર્વી કહે છે.**

સંસારી જીવ એક ભવમાંથી બીજા ભવમાં ભવાંતર પામે તે દરમ્યાન એક શરીરને છોડીને બીજું શરીર ધારણ કરે ત્યાં સુધી જૂના ભવના મરણ અને નવા ભવના જન્મ સુધીના વચલા ગાળાને વિગ્રહ ગતિ કહે છે. મરણ પછી નવો જન્મ ધારણ કરતાં એક, બે કે ત્રણ સમયનો ગાળો જોઇએ છે. તેથી વિગ્રહ ગતિનો સમય પણ આ એક, બે કે ત્રણ સમય જેટલો અત્યંત અલ્પ હોય છે. આ વિગ્રહ ગતિમાં સંસારી જીવનું ઔદારિક, વૈક્રિયિક કે આહારક શરીર હોતું નથી. પણ તૈજસ અને કાર્મણ શરીર દરેક સમયે સાથે જ હોય છે. તેથી જીવ શરીર વિનાનો હોતો નથી. આ સમયે જૂના શરીરનો આકાર જળવાઇ રહે તેને આનુપૂર્વી કહે છે. આ આનુપૂર્વી ચાર પ્રકારની ગતિ અનુસાર ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-



૧. મનુષ્યગતિ આનુપૂર્વી

૨. નરકગતિ આનુપૂર્વી

૩. દેવગતિ આનુપૂર્વી

૪. તિર્યંચગતિ આનુપૂર્વી

મનુષ્યગતિ આનુપૂર્વી નામકર્મનાં ઉદયના કારણે મનુષ્યગતિમાંથી બીજી કોઇ ગતિમાં જતી સમયે વિગ્રહગતિના અંતરાલ ગાળામાં મનુષ્યગતિના મરણ સમયનો શરીરનો આકાર જળવાઇ રહે છે તે મનુષ્ય ગતિ આનુપૂર્વી છે. કોઇ મનુષ્ય મરણ પામી દેવગતિમાં જન્મે ત્યારે વિગ્રહગતિના અંતરાલના ગાળામાં મરણ પામતા સમયના મનુષ્યનો આકાર જળવાઇ રહે છે તે મનુષ્યગતિ આનુપૂર્વી છે. આ જ રીતે બાકીની નરકગતિ, દેવગતિ અને તિર્યંચગતિ આનુપૂર્વી સમજવી.

**પ્રશ્ન :** સંસારી જીવના શરીરનો આકાર જાળવી રાખવાનું કામ સંસ્થાન નામકર્મ કરે છે તો પછી આનુપૂર્વી નામકર્મનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** સંસારી જીવના શરીરનો આકાર જાળવી રાખવાનું કામ સંસ્થાન નામકર્મ કરે છે. પણ તે સંસ્થાન નામકર્મ અંગોપાંગયુક્ત શરીરવાળા સંસારી જીવના આકારનું કારણ હોય છે. અંગોપાંગયુક્ત શરીર ઔદારિક, વૈક્રિયિક અને આહારક હોય છે. પણ તૈજસ અને કાર્મણ શરીર હોતા નથી. વિગ્રહગતિમાં તૈજસ અને કાર્માણ શરીર જ હોય છે. તેથી તે શરીરવાળા સંસારી જીવના આકારનું કારણ સંસ્થાન નામકર્મ થઇ શકે નહી.

વળી સંસારી જીવનું એક ભવ સંબંધીનું આયુષ્ય પૂરું થતા તે ભવ સંબંધી સંસ્થાન નામકર્મનો ઉદય પણ


પૂરો થાય છે. તેથી વિગ્રહ ગતિમાં સંસ્થાન નામકર્મનો ઉદય પણ હોતો નથી. વિગ્રહ ગતિમાં સંસારી જીવનો આકાર બનાવી રાખવા માટે આનુપૂર્વી નામકર્મનો ઉદય હોય છે. આનુપૂર્વી નામકર્મ એ ક્ષેત્ર વિપાકી નામકર્મની પ્રકૃતિ છે અને તેનો ઉદય માત્ર વિગ્રહગતિ પૂરતો જ હોય છે. આ રીતે વિગ્રહ ગતિમાં સંસારી જીવના આકાર માટે આનુપૂર્વી નામકર્મનું પ્રયોજન છે.

આનુપૂર્વી નામકર્મનાં ઉદયના કારણે વિગ્રહગતિમાં સંસારી જીવની ચાર પ્રકારની આનુપૂર્વી પૈકી કોઇને કોઇ પ્રકારની આનુપૂર્વી હોય છે. તેથી આનુપૂર્વી અપેક્ષાએ સંસારી જીવના ભેદ ચાર પ્રકારના છે.

## ૧૪. વિહાયોગતિ

**વિહાયોગતિ નામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનું પોતાની જાતિને યોગ્ય કોઇ આકાશગમન હોય છે તેને વિહાયોગતિ કહે છે.**

વિહાયનો અર્થ આકાશ છે અને વિહાયોગતિ એટલે આકાશમાં થતી સંસારી જીવની ગતિ છે. વિહાયોગતિ નામકર્મનાં કારણે થતી વિહાયોગતિ બે પ્રકારની છે- ૧. પ્રશસ્ત અને ૨. અપ્રશસ્ત. હાથી, બળદ વગેરેની શોભાસ્પદ જણાતી ગતિને પ્રશસ્ત કહે છે અને ગધેડો, ઊંટ વગેરેની શોભાસ્પદ ન જણાતી ગતિને અપ્રશસ્ત કહે છે.





**પ્રશ્ન : વિહાયોગતિ એ આકાશગમન હોવાથી તે આકાશમાં ઉડતા પક્ષીઓને માટે કહી શકાય. તો પછી તે ધરતી પર ચાલતા પ્રાણીઓને માટે કઇ રીતે કહી શકાય ?**

ઉત્તર : સંસારી જીવનું કોઇ પણ ગમન એ આકાશગમન જ છે. ધરતી પર ચાલતા મનુષ્યો કે પ્રાણીઓ પોતાના બે કે ચાર પગ જ ધરતી પર રાખે છે અને બાકીનો બધો ભાગ આકાશમાં જ હોય છે. વળી આકશ સર્વ વ્યાપી છે અને તેથી કોઇપણ ગમન આકાશગમન જ છે. ભૂચર પ્રાણીઓ જમીન ઉપર ગતિ કરે છે, ખેચર પ્રાણીઓ હવામાં ગતિ કરે છે અને જળચર પ્રાણીઓ પાણીમાં ગતિ કરે છે. પણ આ બધી જ ગતિ વિહાયોગતિ નામકર્મનાં કારણે થતી ગતિ છે. આમ વિહાયોગતિ એ માત્ર આકાશમાં ઉડતા પક્ષીઓ માટે જ હોય છે એવું નથી. પણ બધાં સંસારી જીવોની ગતિ એ વિહાયોગતિ છે.

**પ્રશ્ન : સંસારનો અભાવ કરી લોકાગ્રે જતા મુક્ત જીવની ગતિ પણ વિહાયોગતિ છે ?**

ઉત્તર : વિહાયોગતિ નામકર્મનાં કારણે થતી વિહાયોગતિ માત્ર સંસારી જીવની છે. મુક્ત જીવ એ સંસારી નથી અને તેને કોઇ કર્મનો ઉદય હોતો નથી. મુક્ત જીવની ગતિ એ કર્મોનાં અભાવને કારણે થતી સ્વાભાવિક ગતિ છે. તે ઊર્ધ્વદિશામાં થતી શીઘ્ર ગતિ હોય છે. સંસારી જીવની વિહાયોગતિ એ વિભાવિક ગતિ છે. તે ગમે તે દિશામાં થતી હોય છે અને તે શીઘ્ર ગતિ હોતી નથી.



વિહાયોગતિ નામકર્મના ઉદયના કારણે આકાશગમન કરતા સંસારી જીવોની પ્રશસ્ત કે અપ્રશસ્ત એમ બે પ્રકાર પૈકી કોઇ એક ગતિ હોય છે. તેથી વિહાયોગતિ અપેક્ષાએ સંસારી જીવના ભેદ બે પ્રકારે છે.

## ઉપસંહાર

નામકર્મનું કાર્ય ચિત્રકાર જેવું છે. ચિત્રકાર કાગળ ઉપર ચિત્ર દોરે છે અને તે ચિત્રનાં જુદા જુદા આકાર રચી તેનું નામનિર્દેશન કરે છે. તેમ નામકર્મ જીવ ઉપર શરીર રચે છે અને તે શરીરનાં જુદા જુદા રૂપ ઘડી તેનું નામ નિર્દેશન કરે છે. આ નામકર્મ વડે જીવ પોતાના શુદ્ધ સ્વભાવનો પરાભવ પામે છે ને તેથી સ્વભાવને બદલે વિભાવને ઉત્પન્ન કરે છે. જીવનો આ વિભાવ જ તેનો સંસાર છે. વિભાવની વિચિત્રતાના કારણે સંસારી જીવોમાં વિવિધતા જોવા મળે છે, જે નામકર્મની વિવિધતાને દર્શાવે છે. નામકર્મની આ વિવિધતાના કારણે કોઇ પણ સંસારી જીવ એકબીજા સાથે મળતો આવતો નથી. તેથી જેટલા સંસારી જીવોના ભેદ છે તેટલા જ નામકર્મની પ્રકૃતિના ભેદ છે. આ ભેદ અસંખ્યાત છે તોપણ તે મુખ્યત્વે ૯૩ પ્રકારમાં સમાવાય છે. નામકર્મની આ ૯૩ પ્રકૃતિ પૈકી ૬૫ પ્રકૃતિઓ ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિઓમાં સમાવાય છે. બાકીની ૨૮ પ્રકૃતિઓ પ્રત્યેક પ્રકૃતિઓ છે. તેમાં પણ

ચાર પ્રત્યેક પ્રકૃતિઓ સંસારી જીવની અમુક પ્રકારની આવશ્યકતા કે વિશેષતા દર્શાવે છે અને બાકીની ૨૪ પ્રકૃતિઓ ૧૨ પ્રકારના યુગલપણે છે. જે સંસારી જીવની પરસ્પર વિરોધી બાબત દર્શાવે છે.

નામકર્મની જુથ કે સમુદાયરૂપ પ્રકૃતિને પિંડ પ્રકૃતિ કહે છે. ૧૪ પ્રકારની પિંડ પ્રકૃતિના આધારે સંસારી જીવના ભેદ પણ ૧૪ પ્રકારે બને છે. આ ૧૪ પ્રકારની પ્રકૃત્તિઓમાં ગતિ, જાતિ અને શરીર નામની પ્રથમ ત્રણ પ્રકૃત્તિઓ મુખ્ય છે. આ સિવાયની નામકર્મની પિંડ અને પ્રત્યેકરૂપ સઘળી પ્રકૃતિઓ શરીર સંબંધી બાબતોની હોય છે.

ગતિ નામકર્મનાં કારણે સંસારી જીવનું એક ભવમાંથી બીજા ભવમાં ભ્રમણ થતું રહે છે. આ ભવ ચાર પ્રકારના છે અને આ ચાર પ્રકારના ભવમાં જ સંસારી જીવનું ભ્રમણ થતું હોવાથી તે જ સંસારી જીવની ચાર પ્રકારની ગતિ છે. ગતિનામકર્મની અપેક્ષાએ ૧. મનુષ્ય, ૨. નારક, ૩. દેવ અને ૪. તિર્યંચ. આ ચાર પ્રકારની ગતિ પૈકી કોઇ ને કોઇ ગતિમાં સંસારી જીવ હોય છે. તેથી ગતિ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ચાર ગતિના ચાર ભેદ છે.

જાતિ નામકર્મનાં કારણે સંસારી જીવમાં અવિરોધ એકરૂપતા જોવા મળે છે. આ એકરૂપતા પાંચ પ્રકારની ઇન્દ્રિયોના આધારે પાંચ પ્રકારની હોય છે. આ પાંચ પ્રકારની ઇન્દ્રિયોવાળા સંસારી જીવ જ જાતિ નામકર્મની અપેક્ષાએ પાંચ પ્રકારની જાતિઓ ધરાવે છે. ૧. એકેન્દ્રિય, ૨. દ્વીન્દ્રિય, ૩. ત્રીન્દ્રિય, ૪. ચતુરિન્દ્રિય અને ૫. પંચેન્દ્રિય. આ પાંચ પ્રકારની જાતિ પૈકી સંસારી જીવ કોઇને કોઇ જાતિવાળો હોય છે. તેથી જાતિ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના પાંચ ભેદ છે.

શરીર નામકર્મનાં કારણે સંસારી જીવને એકક્ષેત્રાવગાહ સંયોગ સંબંધ ધરાવતા પૌદ્દ્ગલિક પદાર્થની પ્રાપ્તિ હોય છે, જેને શરીર કહે છે. શરીર નામકર્મનાં કારણે સંસારી જીવના શરીર પાંચ પ્રકારના છે– ૧. ઔદારિક, ૨. વૈક્રિયિક, ૩. આહારક, ૪. તૈજસ અને ૫. કાર્મણ. શરીર નામકર્મના પાંચ ભેદ હોવા છતાં સંસારી જીવના શરીર અપેક્ષાએ ચાર ભેદ જોવા મળે છે. તેનું કારણ સંસારી જીવને એકથી વધુ શરીર હોય છે તે છે. સંસારી જીવને વિગ્રહ ગતિમાં તૈજસ અને કાર્માણ એ બે શરીર હોય છે. દેવ અને નારકીને વૈક્રિયિક, તૈજસ અને કાર્માણ એ ત્રણ શરીર અને કોઇ ઋદ્ધિધારક મુનિને આ ત્રણ શરીર ઉપરાંત ચોથું આહારક શરીર પણ હોય છે. આ રીતે સંસારી જીવ ૧. બે, ૨. ત્રણ ૩. ત્રણ, ચાર કે ૪. ચાર એ પ્રમાણે ચાર પૈકી કોઇ શરીરવાળો હોય છે. આમ શરીર નામકર્મની પાંચ પ્રકૃતિઓ હોવા છતાં તેના આધારે સંસારી જીવના ચાર ભેદ છે.

સંઘાત નામકર્મનાં કારણે શરીર છિદ્રરહિત એકરૂપતાને પ્રાપ્ત થાય છે અને બંધન નામકર્મના કારણે શરીરનાં પરમાણુઓ પરસ્પર સંશ્લેષને પામે છે. સંઘાત અને બંધન નામકર્મનાં પણ પાંચ શરીર પ્રમાણે પાંચ ભેદ છે અને તેની અપેક્ષાએ સંસારી જીવના ભેદ શરીર નામકર્મની જેમ ચાર હોય છે.

અંગોપાંગ નામકર્મનાં કારણે શરીરને અંગ અને ઉપાંગ હોય છે. ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ શરીરને જ અંગ-ઉપાંગ હોય છે. તેથી અંગોપાંગ નામકર્મના ત્રણ પ્રકાર છે. અંગોપાંગ અપેક્ષાએ સંસારી જીવના ભેદ પણ ત્રણ પ્રકારના છે.

સંસ્થાન નામકર્મનાં કારણે અંગોપાંગયુક્ત શરીરનો નિયત આકાર હોય છે. તે આકાર ૧. સમચતુરસ્ર, ૨. ન્યગ્રોધ, ૩. સ્વાતિ, ૪. કુબ્જક, ૫. વામન અને ૬. હુંડક એમ કુલ છ પ્રકારે હોય છે. તેથી સંસ્થાન નામકર્મ અને તેની અપેક્ષાએ સંસારી જીવના છ ભેદ છે.

સંહનન નામકર્મનાં ઉદયના કારણે હાડયુક્ત શરીરનાં હાડકાની મજબૂતાઇ અને તેનું બંધનવિશેષ હોય છે. ૧. વજ્રઋષભનારાચ, ૨. વજ્રનારાચ, ૩. નારાચ, ૪. અર્ધનારાચ, ૫. કીલક અને ૬. અસંપ્રાપ્તસૃપાટિક એ છ પ્રકારના સંહનન પૈકી સંસારી જીવ કોઇ એક સંહનનવાળો હોય છે. તેથી સંહનન નામકર્મનાં અને તેની અપેક્ષાએ સંસારી જીવના આ છ ભેદ છે.

વર્ણ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના શરીરનો વર્ણ પાંચ પ્રકારનો, ગંધ નામકર્મની અપેક્ષાએ તેની ગંધ બે પ્રકારની, રસ નામકર્મની અપેક્ષાએ તેનો રસ પાંચ પ્રકારનો હોય છે. સ્પર્શ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના શરીરનો સ્પર્શ આઠ પ્રકારે છે. આ આઠ પ્રકાર ચાર યુગલરૂપ હોવાથી સંસારી જીવના શરીરનો સ્પર્શ ૨×૨×૨×૨ = ૧૬ પ્રકારે હોય છે.

આનુપૂર્વીનામકર્મનાં ઉદયના કારણે સંસારી જીવનો વિગ્રહગતિનો આકાર મરણ સમયના શરીર પ્રમાણે


જળવાઇ રહે છે. ચાર પ્રકારની ગતિ અનુસાર વિગ્રહ ગતિ પણ ચાર પ્રકારની હોય છે, તેથી આનુપૂર્વી નામકર્મ અને તેની અપેક્ષાએ સંસારી જીવના ભેદ ચાર પ્રકારે છે.

વિહાયોગતિ નામકર્મનાં કારણે સંસારી જીવનું આકાશગમન હોય છે. સંસારી જીવનું આ ગમન પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે હોય છે. તેથી વિહાયોગતિ નામકર્મ અને તેની અપેક્ષાએ સંસારી જીવના ભેદ આ બે પ્રકારે છે.

નામકર્મની ગતિ, જાતિ, શરીર તેમજ શરીર સંબંધી બીજી પ્રકૃતિઓને કારણે વર્તમાનમાં આપણને દુર્લભ એવા મનુષ્ય જીવનની પ્રાપ્તિ છે. નામકર્મનાં તે પ્રકારના ઉદયના કારણે વર્તમાન મનુષ્ય જીવનમાં પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા અને તેના વિષયોના ભોગવટાની સુલભતા છે. પણ સાથે આત્મહિતનાં ધર્મધ્યાનને સાનુકૂળ અને સંયમનું સાધન કરી શકે તેવા શરીરની પણ સુલભતા છે. આ મનુષ્ય જીવનનો દુરુપયોગ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઇને તેના ભોગ-ઉપભોગની સાંસારિક પ્રવૃતિમાં કરવામાં આવે તો તેથી સંસાર અને તેના દુ:ખની વૃદ્ધિ જ થાય છે. પણ જો તેનો સદ્ઉપયોગ વિષયોથી વિરક્ત થઇને સ્વરૂપની સાચી સમજણ અને સંયમની સાધનાની પારમાર્થિક પ્રવૃતિમાં કરવામાં આવે તો તેથી સંસાર અને તેના દુ:ખોનો અંત આવે છે. પણ આ માટે વિષયોની આસક્તિને બદલે વિરક્તિ જરૂરી છે. આ જ બાબત આચાર્યશ્રી કુંદકુંદદેવ નીચેના શબ્દોમાં કહે છે–

(હરિગીત)

આત્મા જણાય ન જ્યાં લગી વિષયે પ્રવર્તન નર કરે
વિષયે વિરક્ત મનસ્ક યોગી જાણતા નિજ આત્મને.



**ભાવાર્થ :** જ્યાં સુધી આ મનુષ્ય ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને તેના ભોગ-ઉપભોગની પ્રવૃતિમાં રચ્યોપચ્યો રહે છે ત્યાં સુધી તેને આત્માનું જ્ઞાન થઈ શકતું નથી. કેમ કે, વિષયોથી વિરક્ત યોગી પોતાના આત્માને યથાર્થ ઓળખી શકે છે. (મોક્ષપાહુડ : ગાથા ૬૬)

## ટિપ્પણી

૧. **પ્રતિજીવીગુણ :** કોઈના અભાવની અપેક્ષા રાખતા ગુણને પ્રતિજીવી ગુણ કહે છે. ● ૨. **પરાભવ :** પરાજય, હાર ● ૩. **પૌદ્‌ગલિક સ્કંધ :** પુદ્‌ગલ પરમાણુઓના બંધને પૌદ્‌ગલિક સ્કંધ કહે છે. ● ૪. **વેષ્ટન :** ઢાંકણ, બાંધણ કે વીંટાળવું તે વેષ્ટન છે.

## સંદર્ભ ગ્રંથો


**પ્રાસ્તાવિક** ૧. પ્રવચનસાર : ગાથા ૧૧૭, ૧૧૮.

**નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ભેદ** ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૪/૩૮૧/૧; ૮/૩/૩૭૯/૧; ● ૨. જૈ. સિ. કોશ : ભાગ ૨ : નામકર્મ ૧, પાનુ ૫૮૩.

૧. ગતિ ૧. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન : ૧૬૬,૩૫૯, ૩૬૦; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯/૧; ● ૩. ધવલ : ૧૩/૫,૫,૧૦૧/૩૬૩/૯; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ગતિ ૨/૨ પાનુ ૨૩૬.

૨. જાતિ ૧. ધવલ : ૬/૧, ૯-૧,૨૮/૫૧/૩૪; ૧૩/૫,૫,૧૦૧/૩૬૩/૯. ● ૨. ષટ્‌ખંડાગમ : ૬/૧,૯-૧/સૂત્ર ૩૦/૬૭; ● ૩. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : જાતિ (નામકર્મ) પાનુ ૩૨૭.

૩. શરીર ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯/૬; ૨/૩૮,૩૯/૧૯૨,૧૯૩/૮,૩; ● ૨. ધવલ : ૬/૧,૯-૧,૨૮/૫૨/૬; ૧૩/૫,૫,૧૦૧/૩૬૩/૧૨ ● ૩. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૨, સૂત્ર ૩૬ થી ૫૨; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૪ : શરીર : ૨,૩,૪ પાનું ૬

૩.૧ ઔદારિક શરીર ૧. ષટ્‌ખંડાગમ : ૧૪/૫ ૬/સૂત્ર ૨૩૭/૩૨૨; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૬/૧૧૧/૫; ૨/૪૫/૧૯૭/૧. ● ૩. ધવલ : ૧/૧,૧,૫૬/૨૯૦/૨; ૧૪/૫,૬,૨૩૭/૩૨૨/૫ ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૧ : ઔદારિક પાનુ ૪૭૧.

૩.૨. વૈક્રિયિક શરીર ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૬/૧૯૧/૬; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૩૬/૬/૧૪૬/૭; ૨/૪૯/૮/૧૫૩/૧૩; ● ૩. ષટ્‌ખંડાગમ : ૧૪/૫,૬/સૂત્ર ૨૩૮/૨૩૫; ● ૪. પંચસંગ્રહ : પ્રાકૃત/૧/૬૫થી ૬૯; ● ૫. ધવલ : ૧/૧,૧,૫૬/૨૯૧/૬; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વૈક્રિયિક : પાનું ૬૦૧.

૩.૩ આહારક શરીર ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૬/૧૯૧/૭; ● ૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૨/૪૯/૩/૧૫૨/૨૯; ૨/૪૯/૮/૧૫૩/૧૪; ૨/૪૯/૯/૧૫૩/૬; ૨/૪૯/૪/૧૫૩/૧; ● ૩. ધવલ : ૧/૧,૧,૫૬/૧૬૪/૨૯૪; ૧/૧,૧,૫૬/૨૯૨/૩; ૪/૧,૩,૨/૨૮/૬,૭; ૧૪/૫,૬,૯૧/૮૧/૮; ૨/૪૯/૬/૧૫૩/૧,૬; ૧૪/૫,૬,૨૩૯/૩૨૬/૩; ● ૪. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૨૩૫થી ૨૩૯ ● ૫. જૈ. સિ. કોશ : ભાગ : ૧ : આહારક પાનુ ૨૯૫.

૩.૪ તૈજસ શરીર ૧. તત્ત્વાર્થ સૂત્ર : ૨/૪૦,૪૧,૪૮; ● ૨. ષટ્‌ખંડાગમ : ૧૪/૫,૬/સૂત્ર ૨૪૦/૩૨૭; ● ૩. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૬/૧૯૧/૮; ● ૪. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૨/૩૬/૮/૧૪૬/૧૧; ૨/૪૯/૮/૧૫૩/૧૪,૧૫; ● ૫. ધવલ : ૧૪/૫,૬,૨૪૦/૩૨૭/૧૩; ૧૪/૫, ૬, ૨૪૦/૩૨૮/૧,૮; ૪/૧,૩,૨/૨૭/૭ ● ૬. જૈ. સિ. કોશ : ભાગ ૨ : તૈજસ : પાનું ૩૯૪

૩.૫ કાર્માણ શરીર ૧. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૮; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૬/૧૯૧/૯; ● ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૨૬/૩/૧૩૭/૯; ૨/૩૬/૯/૧૪૬/૧૩; ૨/૪૯/૮/૧૫૩/૧૮ ● ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : કાર્માણ : પાનું ૭૫.

૪. સંઘાત : ૧. જૈન સિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૧૭૨; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૧; ● ૩. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૧૧/૭/૫૭૬; ● ૪. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૩૩ની ટીકા; ● ૫. ધવલ : ૬/૧,૯-૧,૨૮/૫૩/૩; ૧૩/૫,૫,૧૦૧/૩૬૪/૨ ● ૬. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સંઘાત પાનું ૧૨૪

૫. બંધન ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯/૧૨; ● ૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૧૧/૬/૫૭૬/૨૪; ● ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૨/૧૧; ૧૩/૫,૫,૧૦૮/૩૬૪/૧; ● ૪. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/ સૂત્ર૩૨/ ૭૦; ● ૫. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા૩૩ની ટીકા; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ૩ : બંધન : પાનું૧૭૯.

૬. અંગોપાંગ ૧. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા૩૩ની ટીકા; ● ૨. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૪/૨; ૧૩/૫,૫,૧૦૧/૩૬૪/૪; ૬/૧,૯-૨૭,૬/૧૧૨/૮; ● ૩. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/ સૂત્ર૩૫/૭૨; ● ૪. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૮૯; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ૧ : અંગોપાંગ પાનુ૧; ઉદય : ૫/૧ પાનું૩૭૪.

૭. સંસ્થાન ૧. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન૧૭૩ થી ૧૭૯; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૩; ● ૩. કષાય પાહુડ : ૨/૨-૨૨/પ્રકરણ-૨૫/૯/૨; ● ૪. ધવલ : ૬/૧, ૯-૧, ૩૪/૭૧/૧થી૮; ૧૩/૫,૫,૧૦૭/૩૬૫/૧; ● ૫. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૮/૫૭૬; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ૪ : સંસ્થાન પાનું૧૫૩,૧૫૪.

૮. સંહનન ૧. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન૧૮૦ થી ૧૮૬; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૫૬; ● ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૯/૫૭૭/૫થી ૮; ● ૪. ષટ્ખંડાગમ : ૬/૧ ૯-૧ / સૂત્ર૩૬/૭૩; ● ૫. ધવલ : ૬/૧,૯-૧, ૩૬/૭૩/૮; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ૪ : સંહનન : પાનું૧૫૫.

૯. વર્ણ ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૧૧,૧૨; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૦/૫૭૭/૧૭; ● ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૫/૧; ૬/૧,૯-૧, ૨૮/૫૭/૪; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ૩ : વર્ણ : પાનું૫૧૯.

૧૦. ગંધ : ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૨૦/૧૭૮/૯; ૫/૨૩/૨૯૪/૧; ૮/૧૧/૩૯૦/૧૦૧૧; ● ૨. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૫/૪; ૧/૧,૧,૩૩/૨૪૪/૧; ● ૩. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/ સૂત્ર૩૮/૭૪; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ૨ : ગંધ : પાનું૨૧૦.

૧૧. રસ ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૯,૧૦; ● ૨. ધવલ : ૬/૧,૯-૧, ૨૮/૫૫/૭; ૧૩/૫,૫,૧૦૧/૩૬૪/૮; ● ૩. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/સૂત્ર૩૯/૭૫; ● ૪.જૈ. સિ. કોશ : ભાગ૩ : રસ : પાનું૩૯૨.

૧૨. સ્પર્શ ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૮; ૫/૨૩/૨૯૩/૧૧; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૦/૫૭૭/૧૪; ● ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૫/૯ ● ૪. ષટ્ખંડાગમ : ૬/૧૯૧/ સૂત્ર૪૦/૭૫; ● ૫. જૈ. સિ. કોશ : ભાગ૪ : સ્પર્શ : પાનું૪૭૪.

૧૩. આનુપૂર્વી ૧. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન૧૯૧, ૨૩૫; ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૧૩; ૮/૧૧/૩૯૧/૧; ૩. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/ સૂત્ર૪૧/૭૬; ૪. ધવલ : ૬/૧, ૯-૧, ૨૮/૫૬/૪૭; ૧૩/૫,૫,૧૧૬/૩૭૨/૨; ● ૫.જૈ. સિ. કોશ : ભાગ૧ : આનુપૂર્વી : પાનુ૨૪૭.

૧૪. વિહાયોગતિ ૧. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૧/૭; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૧૧/૧૮/૫૭૮/૧૧ થી ૧૪; ● ૩. ષટ્ખંડાગમ : ૬/૪, ૯-૧/ સૂત્ર૪૩/ ૭૬; ● ૪. જૈ. સિ. કોશ : ભાગ૩ : વિહાયોગતિ : પાનુ૫૭૩.

ઉપસંહાર ૧. મોક્ષપાહુડ : ગાથા૬૬.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. નામકર્મના અભાવથી પ્રગટ થતો આત્માનો પ્રતિજીવી ગુણ કયો છે ?** ૧. ☐
A. સૂક્ષ્મત્વ B. અવ્યાબાધત્વ
C. અગુરુલઘુત્વ D.અવગાહનત્વ

**૨. નામકર્મનું કાર્ય નીચેના પૈકી કેવું નથી ?** ૨. ☐
A. ચિત્રકાર જેવું
B. જુદા જુદા મનુષ્યનું જુદું જુદું નામ આપવાનું
C. જીવના સ્વભાવનો પરાભવ કરવાનું
D. સંસારી જીવની નરકાદિ ગતિનું નામકરણ કરવાનું

**૩. નામકર્મની પ્રકૃતિના કેટલા ભેદ છે ?** ૩. ☐
A. ૧૪ B. ૩૦ C. ૯૩ D. ૯૪

**૪. ગતિ નામકર્મના કારણે થતી ગતિ એ શું નથી ?** ૪. ☐
A. એક શરીરમાંથી બીજા શરીરમાં થતું જીવનું ગમન
B. સંસારમાં જીવનું ભ્રમણ
C. સંસારમાંથી સિદ્ધ દશામાં થતું જીવનું ગમન
D. એક ભવમાંથી બીજા ભવમાં થતું ભવાંતર

**૫. દ્રવ્યદૃષ્ટિએ આત્માની જાતિ શું છે ?** ૫. ☐
A. પાંચ પ્રકારની ઇન્દ્રિયો B. સંસાર દશા
C. સિદ્ધ દશા D. શુદ્ધ ચૈતન્ય ધાતુ

**૬. ઔદારિક શરીર કોને કહે છે ?** ૬. ☐
A. સૂક્ષ્મ હોય તેને
B. આહાર વર્ગણામાંથી બને તેને
C. મનુષ્ય અને તિર્યંચોનું શરીર હોય તેને
D. સ્થૂળ હોય તેને

**૭. વૈક્રિયિક શરીર કોને કહે છે ?** ૭. ☐
A. દેવ અને નારકીનું શરીર હોય તેને
B. મુનિની વિક્રિયા ઋદ્ધિને
C. વિવિધ પ્રકારની વિક્રિયાથી યુક્ત હોય તેવા શરીરને
D. સુંદર અને શુચિ હોય તેને

**૮. આહારક શરીર કોને કહે છે ?** ૮. ☐
A. આહાર વર્ગણામાંથી બને તેને
B. સમચતુરસ્ર સંસ્થાનવાળું હોય તેને
C. મુનિને ઋદ્ધિના કારણે મસ્તકમાંથી પૂતળું નીકળે તેને
D. અંતર્મુહૂર્તકાળની સ્થિતિ હોય તેને

**૯. અનિઃસરણાત્મક તૈજસ શરીર કોને હોય છે ?** ૯. ☐
A. ઋદ્ધિ પ્રાપ્ત મુનિને તપના પ્રભાવથી હોય છે
B. સર્વ સંસારી જીવોને હોય છે
C. માત્ર વિગ્રહ ગતિના જીવને હોય છે
D. સિદ્ધ ભગવાનને હોય છે

**૧૦. કાર્માણ શરીર કોને કહે છે ?** ૧૦. ☐
A. કાર્માણ વર્ગણામાંથી બને તેને
B. સૂક્ષ્મ હોય તેને
C. સ્થૂળ હોય તેને
D. આહાર વર્ગણામાંથી બને તેને

**૧૧. સંઘાત નામકર્મનું કાર્ય શું છે ?** ૧૧. ☐
A. શરીરમાં છિદ્ર રહિત એકરૂપતા સાધવાનું
B. શરીરના હાડકાંને પરસ્પર જોડવાનું
C. શરીરના પરમાણુઓના પરસ્પર સંશ્લેષનું
D. શરીરના સાંધાઓને મજબૂત કરવાનું

**૧૨. બંધન નામકર્મ ન હોય તો શું થાય ?** ૧૨. ☐
A. કર્મનું બંધન ન થાય
B. રેતીના મહેલની જેમ શરીરના પરમાણુઓ વિખરાઇ જાય
C. શરીરના હાડકાઓનું બંધન ન થાય
D. સંસારનો અભાવ થાય

**૧૩. બંધન નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના ભેદ કેટલા છે ?** ૧૩. ☐
A. છ B. પાંચ C. ચાર D. ત્રણ

**૧૪. નીચે પૈકી ક્યા શરીરને અંગ હોય છે ?** ૧૪. ☐
A. કોઇપણ પર્યાપ્ત શરીરને
B. એકેન્દ્રિયના ઔદારિક શરીરને
C. મુનિરાજના આહારક શરીરને
D. વિગ્રહ ગતિના શરીરને

૧૫. સંસારી જીવના અંગોપાંગ યુક્ત શરીરના ચોક્કસ આકારનું કારણ શું ? ૧૫. ☐
A. પ્રદેશત્વગુણ B. આનુપૂર્વી નામકર્મ
C. અંગોપાંગ નામકર્મ D. સંસ્થાન નામકર્મ

૧૬. શરીરના બધા અંગો સપ્રમાણ અને શોભાસ્પદ હોય તેને કેવું સંસ્થાન કહે છે ? ૧૬. ☐
A. તીર્થંકર B. વજ્રઋષભનારાચ
C. સ્વાતિ D. સમચતુરસ

૧૭. હુંડક સંસ્થાન નામકર્મના કારણે શરીરના અંગોપાંગ કેવા હોય છે ? ૧૭. ☐
A. સપ્રમાણ B. નાના
C. હીનાધિક D. કૂબડા

૧૮. શરીરના હાડકાની મજબૂતાઈ અને તેનાં બંધન વિશેષના કારણભૂત ક્યું નામકર્મ છે ? ૧૮. ☐
A. સંસ્થાન B. સંઘાત
C. સંહનન D. બંધન

૧૯. વજ્રઋષભનારાચ સંહનનવાળો જીવ સવળો પુરુષાર્થી હોય તો કોને પ્રાપ્ત કરે છે ? ૧૯. ☐
A. તીર્થંકર દશા B. મોક્ષ
C. મુનિદશા D. સમ્યગ્દર્શન

૨૦. વર્તમાન નિમ્નકાળના મનુષ્યો કેવા પ્રકારનું સંહનન ધરાવે છે ? ૨૦. ☐
A. કીલક B. નારાચ
C. અર્ધનારાચ D. અસંપ્રાપ્તસંપૃટિકા

૨૧. વર્તમાન પંચમકાળના મનુષ્યોમાં ક્યા પ્રકારનું ધ્યાન સંભવતું નથી ? ૨૧. ☐
A. શુક્લધ્યાન B. ધર્મધ્યાન
C. રૌદ્રધ્યાન D. આર્તધ્યાન

૨૨. શરીરનો વર્ણ કોના કારણે હોય છે ? ૨૨. ☐
A. પુદ્ગલના વર્ણ ગુણ B. વર્ણ નામકર્મ
C. આહાર વર્ગણા D. તાપમાન

૨૩. જિનેન્દ્રના જન્માભિષેક પછીના જળને શું કહે છે? ૨૩. ☐
A. ક્ષીરસમુદ્રનું જળ B. પ્રાસુક જળ
C. ગંધોદક D. આશિકા

૨૪. સ્પર્શ નામકર્મની અપેક્ષાએ સંસારી જીવના કેટલા ભેદ છે ? ૨૪. ☐
A. ચાર B. આઠ C. સોળ D. બે

૨૫. વિગ્રહ ગતિનો કાળ કેટલો હોય શકે છે ? ૨૫. ☐
A. એક મુહૂર્તથી વધારે B. એક મુહૂર્તથી ઓછો
C. એક મુહૂર્ત D. એક સમય

૨૬. વિગ્રહગતિમાં સંસારી જીવના નિયત આકારનું કારણ કોણ છે ? ૨૬. ☐
A. તૈજસ અને કાર્મણ શરીર B. પ્રદેશત્વગુણ
C. સંસ્થાન નામકર્મ D. આનુપૂર્વી નામકર્મ

૨૭. વિહાયોગતિ નામકર્મના ઉદયના કારણે સંસારી જીવનું પોતાની જાતિને યોગ્ય ક્યા પ્રકારનું ગમન હોય છે ? ૨૭. ☐
A. પૃથ્વીગમન B. જળગમન
C. આકાશગમન D. વાયુગમન

૨૮. લોકાગ્રે જતા મુક્ત જીવની ગતિએ ક્યા પ્રકારની ગતિ નથી ? ૨૮. ☐
A. સ્વાભાવિક ગતિ B. શીઘ્રગતિ
C. વિહાયોગતિ D. ઊર્ધ્વગતિ

૨૯. નામકર્મના ઉદયના કારણે પ્રાપ્ત વર્તમાન મનુષ્ય દેહમાં શેની સુલભતા નથી ? ૨૯. ☐
A. ધર્મધ્યાનની
B. કેવળજ્ઞાન અને મોક્ષની
C. સંયમના સાધનની
D. પાંચ ઇન્દ્રિયોના વિષયોના ભોગવટાની

૩૦. ક્યાં સુધી આ મનુષ્યને આત્માનું જ્ઞાન થઇ શકતું નથી ? ૩૦. ☐
A. જ્યાં સુધી વિષયોથી વિરક્ત ન થાય ત્યાં સુધી
B. જ્યાં સુધી સંયમનું સાધન ન કરે ત્યાં સુધી
C. જ્યાં સુધી શાસ્ત્રોનો અભ્યાસ ન કરે ત્યાં સુધી
D. જ્યાં સુધી ગૃહસ્થજીવનનો ત્યાગ ન કરે ત્યાં સુધી

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. નામકર્મના ઉદયના કારણે આત્માનો ક્યા પ્રકારનો સ્વભાવ કઈ રીતે પરાભવ પામે છે ?
૨. ગતિ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકાર જણાવો.
૩. જાતિ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકાર જણાવો.
૪. જાતિ નામકર્મના કારણે સંસારી જીવોની સમાનતા કઈ રીતે છે?
૫. શરીર નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૬. ઔદારિક શરીર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૭. વૈક્રિયિક શરીર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૮. આહારક શરીર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૯. તૈજસ શરીર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૦. કાર્માણ શરીર નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૧. સંઘાત નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૧૨. બંધન નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૧૩. અંગોપાંગ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૧૪. સંસ્થાન નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૧૫. સમચતુરસ્ર સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૬. ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૭. સ્વાતિ સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૮. કુબ્જક સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૧૯. વામન સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૦. હુંડક સંસ્થાન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૧. સંહનન નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૨૨. વજ્રઋષભનારાચ સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૩. વજ્રનારાચ સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૪. નારાચ સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૫. અર્ધનારાચ સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૬. કીલક સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.
૨૭. અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન નામકર્મનું સ્વરૂપ જણાવો.

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. ઔદારિકાદિ શરીરમાં પરમાણુઓની ગીચતા ઉત્તરોત્તર અધિક છે તો પણ તેમાં ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મતા કેમ છે ?
૨. વર્ણ નામકર્મ સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૩. શરીરના વર્ણ માટે વર્ણ નામકર્મની શી આવશ્યકતા છે ?
૪. ગંધ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૫. રસ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૬. સ્પર્શ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૭. આનુપૂર્વી નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૮. વિહાયોગતિ નામકર્મનું સ્વરૂપ અને તેના પ્રકારો જણાવો.
૯. નામકર્મના કારણે પ્રાપ્ત મનુષ્યના શરીરનો દુરુપયોગ અને સદુપયોગ શું છે ? તેનું ફળ શું છે ?

### વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. નામકર્મની પિંડ પ્રકૃતિઓ પૈકી કોઇ એક પસંદ કરી તેનો પ્રોજેક્ટ તૈયાર કરો.